અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૬ મે ૨૦૨૫, શુક્રવાર
વિક્રમ સંવત ૨૦૮૧, વૈશાખ વદ ૪

વર્ષ : ૧૬
અંક : ૩૧૩

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### એસ જયશંકરે આજે પહેલીવાર પાડોશી દેશ વિરુદ્ધ વાત કરી

## પાકિસ્તાન સાથે આતંકવાદ અને PoK પર જ વાતચીત કરાશે : એસ જયશંકર

### પાકિસ્તાન સાથેના અમારા સંબંધો અને વ્યવહાર સંપૂર્ણપણે દ્વિપક્ષીય રહેશે આ વાત વર્ષોથી સંમત છે અને તેમાં કોઈ ફેરફાર થયો નથી

। (એજન્સી) નવીદિલ્હી, તા.૧૫ । પાકિસ્તાન સાથેના તણાવ પછી, એસ જયશંકરે આજે પહેલીવાર પાડોશી દેશ વિરુદ્ધ વાત કરી છે. વિદેશ મંત્રીએ ભારતના વલણને પુનરાવર્તિત કર્યું અને કહ્યું કે, જો હવે પાકિસ્તાન સાથે કોઈ વાતચીત થશે, તો તે ફક્ત PoK પર જ થશે. આમાં કોઈ ત્રીજા દેશની દખલગીરીની જરૂર નથી. વિદેશ મંત્રીએ આક્રમક રીતે કહ્યું કે, અમે ફક્ત પાકિસ્તાનમાં આતંકવાદી માળખાનો નાશ કર્યો છે. અમે લક્ષ્યો નક્કી કર્યા હતા, જે અમે પ્રાપ્ત કર્યા છે. ઓપરેશન સિંદૂર અંગે વિદેશ મંત્રીએ કહ્યું કે, શરૂઆતથી જ અમે પાકિસ્તાનને આ સંદેશ આપ્યો હતો કે, અમે આતંકવાદી



માળખા પર હુમલો કરવાના છીએ, સેના પર નહીં. તેમની સેના પાસે બાજુ પર રહેવાનો અને હસ્તક્ષેપ ન કરવાનો વિકલ્પ હતો. તેણે આ સારી સલાહ ન માનવાનો નિર્ણય કર્યો હતો.

પાકિસ્તાને તણાવ દરમિયાન ભારતને ભારે નુકસાન પહોંચાડવાનો દાવો કર્યો હતો. આ અંગે એસ જયશંકરે કહ્યું કે, ૧૦ મેના રોજ સવારે ભારતની જવાબી કાર્યવાહીમાં તેમને ખૂબ નુકસાન થયું હતું. સેટેલાઈટ છબીઓ દર્શાવે છે કે, આપણે તેમને કેટલું મોટું નુકસાન કર્યું છે, અને તેમણે આપણને કેટલું ઓછું નુકસાન કર્યું છે. ગોળીબાર કોણ રોકવા માંગતું હતું તે સ્પષ્ટ છે. પાકિસ્તાન સાથેના અમારા સંબંધો અને વ્યવહાર સંપૂર્ણપણે દ્વિપક્ષીય રહેશે. આ વાત વર્ષોથી સંમત છે અને તેમાં કોઈ ફેરફાર થયો નથી. વિદેશ મંત્રીએ કહ્યું કે, પ્રધાનમંત્રીએ સ્પષ્ટ કરી દીધું છે કે, પાકિસ્તાન સાથે વાતચીત ફક્ત આતંકવાદ પર જ થશે. પાકિસ્તાનપાસેઆતંકવાદીઓની યાદી છે, જેમને સોંપવાની જરૂર છે અને તેમણે આતંકવાદી માળખાને બંધ કરવા પડશે. તેઓ જાણે છે કે, શું કરવું. વિદેશ મંત્રીએ કહ્યું કે, અમે તેમની સાથે આતંકવાદ અંગે ચર્ચા કરવા તૈયાર છીએ. આ એવી વાત છે જે શક્ય છે. અમને ખરેખર ઘણો આંતરરાષ્ટ્રીય ટેકો મળ્યો છે. અમારી પાસે UNSCનો ઠરાવ હતો કે, ગુનેગારોને જવાબદાર ઠેરવવા જોઈએ અને ૭ મેના રોજ ઓપરેશન સિંદૂર દ્વારા તેમને જવાબદાર ઠેરવવામાં આવ્યા હતા.

### જમ્મુ-કાશ્મીર પહોંચ્યા રક્ષામંત્રી રાજનાથ સિંહ

## આતંકવાદ વિરુદ્ધ અત્યાર સુધીની સૌથી મોટી કાર્યવાહી: રાજનાથ સિંહ

### સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે જમ્મુ અને કાશ્મીરમાં પાકિસ્તાન દ્વારા છોડવામાં આવેલા ગોળાનું નિરીક્ષણ કર્યું

।(એજન્સી) જમ્મુકાશ્મીર, તા.૧૫। ભારતે પાકિસ્તાન અને પીઓકેમાં સ્થિત આતંકવાદી સંગઠનોના ઠેકાણાઓ સામે ઓપરેશન સિંદૂર શરૂ કરીને તેમને સંપૂર્ણપણે નષ્ટ કરી દીધા છે. ભારતીય સશસ્ત્ર દળોએ આતંકવાદીઓને ટેકો આપીને ભારત પર હુમલો કરી રહેલી પાકિસ્તાની સેના સામે પણ કડક કાર્યવાહી કરી અને તેમના એરબેઝ અને અન્ય શસ્ત્રોનો નાશ કરીને



તેમને ઘૂંટણિયે પાડી દીધા. આ પછી, પાકિસ્તાનની વિનંતી પર, બંને દેશો વચ્ચે સીઝફાયર લાગુ થયું. આ સમગ્ર કાર્યવાહી પછી, ભારતના સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ ગુરુવારે જમ્મુ અને કાશ્મીરની મુલાકાતે પહોંચ્યા છે. જમ્મુ અને કાશ્મીરના શ્રીનગરમાં, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે જમ્મુ અને કાશ્મીરમાં પાકિસ્તાન દ્વારા છોડવામાં આવેલા ગોળાનું નિરીક્ષણ કર્યું. આ પછી, સંરક્ષણ મંત્રીએ બદામ બાગ છાવણીમાં પ્રદર્શિત કેટલાક કાટમાળ પણ જોયા. અધિકારીઓએ માહિતી આપી છે કે સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ જમ્મુ અને કાશ્મીરની સમગ્ર વર્તમાન પરિસ્થિતિની સમીક્ષા કરશે. ઉલ્લેખનીય છે કે ઓપરેશન સિંદૂર પછી આ તેમની જમ્મુ અને કાશ્મીરની પહેલી મુલાકાત છે.

### ડોનાલ્ડ ટ્રમ્પના સન્માનમાં એક ભવ્ય રાત્રિભોજનનું આયોજન કર્યું

## મુકેશ અંબાણી અને ડોનાલ્ડ ટ્રમ્પની કતારમાં કરી મુલાકાતે

### રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીએ પણ આ કાર્યક્રમમાં ભાગ લીધો

। (એજન્સી) કતાર, તા.૧૫ । કતારે ડોનાલ્ડ ટ્રમ્પના સન્માનમાં એક ભવ્ય રાત્રિભોજનનું આયોજન કર્યું હતું, જેમાં ઘણા મોટા ઉદ્યોગપતિઓ અને ખાસ મહેમાનોને આમંત્રણ આપવામાં આવ્યું હતું. ભારતના અગ્રણી ઉદ્યોગપતિ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીએ પણ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

આ રાત્રિભોજન કતારના લુસૈલ પેલેસમાં યોજાયું હતું, જ્યાં યુએસ રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને કતારના અમીર શેખ તમિમ બિન હમાદ અલ થાની મહેમાનોને મળ્યા હતા. મુકેશ અંબાણીએ ટ્રમ્પ અને આમિર બંને સાથે ઉષ્માભર્યા હાથ મિલાવ્યા અને થોડીવાર તેમની સાથે વાત પણ કરી. આ



પછી તે અંદર ગયા હતા, જ્યાં તે હસતા અને યુએસ વાણિજ્ય સચિવ સ્ટીવ લુટનિક સાથે વાત કરતા જોવા મળ્યા હતા.ટેસ્લાના સીઈઓ એલન મસ્ક પણ આ સ્ટેટ ડિનરમાં હાજરી આપી હતી, પરંતુ તેઓ લગભગ ૩૦ મિનિટ મોડા પહોંચ્યા હતા. વોશિંગ્ટન પોસ્ટના અહેવાલ મુજબ, મસ્કે પણ "ચેટ એન્ડ કટ" એટલે કે વાતચીતના બહાને લાઈન કાપી નાખવાની યુક્તિ અપનાવી અને સીધા ટ્રમ્પને મળવા ગયા હતા. ડિનરમાં મસ્કના નજીકના મિત્ર એન્ટોનિયો ગ્રેસિયાસ, ન્યૂઝમેક્સના સ્થાપક ક્રિસ રુડી અને બ્લેકસ્ટોનના સીઈઓ સ્ટીફન શ્વાર્ઝમેન જેવા ઉચ્ચ પ્રોફાઈલ લોકો પણ હાજર હતા. આ ભવ્ય કાર્યક્રમમાં પરંપરાગત કતારી શૈલીનું સંપૂર્ણ પાલન કરવામાં આવ્યું હતું. મહેલની અંદરની હવા ધૂપની સુગંધથી ભરાઈ ગઈ અને મહેમાનોનું સ્વાગત ઢોલ અને પરંપરાગત ગીતો સાથે કરવામાં આવ્યું હતુ.

રાત્રિભોજન દરમિયાન, ડોનાલ્ડ ટ્રમ્પે કતારને અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા પરમાણુ તણાવને ઘટાડવા માટે ઈરાન પર પોતાના પ્રભાવનો ઉપયોગ કરવાની અપીલ કરી હતી. ટ્રમ્પ હાલમાં મધ્ય પૂર્વના ત્રણ દેશો – સાઉદી અરેબિયા, કતાર અને યુએઈની મુલાકાતે છે. મુકેશ અંબાણી અને ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે આ બીજી મુલાકાત હતી. આ પહેલા મુકેશ અંબાણી અને તેમની પત્ની નીતા અંબાણી જાન્યુઆરીમાં ટ્રમ્પના શપથ ગ્રહણ પહેલા રાત્રિભોજનમાં હાજરી આપી હતી.

### ભારત-મ્યાનમાર સરહદ પર સેના હાથધર્યું મોટું ઓપરેશન

। નવી દિલ્હી, તા.૧૫ । મણિપુરના ચંદેલ જિલ્લામાં બુધવારે અસમ રાઈફલ્સ અને ઉગ્રવાદીઓ વચ્ચે ભીષણ અથડામણ થઈ હતી, જેમાં ઓછામાં ઓછા ૧૦ ઉગ્રવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતાં. આ ઓપરેશન હજુ શરૂ છે. સેનાના અધિકારીઓએ એ વાતની પુષ્ટિ કરી છે કે, મ્યાનમાર સરહદથી જોડાયેલા ન્યૂ સમતાલ ગામ પાસે શંકાસ્પદ સશસ્ત્ર ઉગ્રવાદીઓની ગતિવિધિની જાણકારી બાદ આ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.ભારતીય સેનાના ઈસ્ટર્ન કમાન્ડના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર જાણકારી આપતા જણાવવામાં આવ્યું કે, ૧૪ મેના દિવસે અસમ રાઈફલ્સના એક યુનિટે સ્પીયર કૉર્પ્સ હેઠળ ન્યૂ સમતાલ ગામ, ખેંગજોય તહસીલમાં આ ઓપરેશન લૉન્ચ કર્યું હતું.

### ટ્રમ્પ તરફથી ભારત અંગે વધુ એક મોટું નિવેદન

## ભારતમાં ફેક્ટરીઓ ન બનાવો તમે અમેરિકામાં પ્રોડક્શન વધારો: ટ્રમ્પ

### આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે એપલ ભારતમાં તેની ઉત્પાદન ક્ષમતા વધારવાની યોજના બનાવી રહી છે

। (એજન્સી) નવીદિલ્હી, તા.૧૫। અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દોહામાં એક મોટું નિવેદન આપ્યું છે, જેમાં તેમણે એપલ કંપનીને ભારતમાં આઈફોન બનાવવા પર પ્રતિબંધ મૂક્યો છે.

ટ્રમ્પે એપલના સીઈઓ ટિમ કૂકને કહ્યું કે ભારતને પોતાના હિતોનું ધ્યાન રાખવા દો. ભારતે અમેરિકી માલ પર શૂન્ય ટેરિફ ઓફર કરી છે. આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે એપલ ભારતમાં તેની ઉત્પાદન ક્ષમતા વધારવાની યોજના બનાવી રહી છે. ટ્રમ્પે કહ્યું, "મેં ગઈકાલે ટિમ કૂક સાથે વાત કરી હતી. મેં કહ્યું, ટિમ, અમે તમારી સાથે ખૂબ સારો વ્યવહાર કરી રહ્યા છીએ. તમે ઈ૫૦૦ બિલિયનની કંપની બનાવી રહ્યા છો, પરંતુ હવે હું સાંભળી રહ્યો છું કે તમે ભારતમાં



ફેક્ટરીઓ બનાવી રહ્યા છો. હું નથી ઈચ્છતો કે તમે ભારતમાં પ્રોડક્શન કરો. જો તમે ભારતને મદદ કરવા માંગતા હો, તો તે ઠીક છે, પરંતુ ભારત વિશ્વમાં સૌથી વધુ ટેરિફ ધરાવતા દેશોમાંનો એક છે. ત્યાં વેચવું મુશ્કેલ છે. ભારતે અમને એક સોદો આપ્યો છે જેમાં તેઓએ અમારા માલ પર કોઈ ટેરિફ નહીં લાદવાનું વચન આપ્યું છે."

ટ્રમ્પે વધુમાં કહ્યું, "અમે તમને વર્ષો સુધી ચીનમાં ફેક્ટરીઓ બનાવતા સહન કર્યું. હવે અમે નથી ઈચ્છતા કે તમે ભારતમાં પ્રોડક્શન કરો. ભારત પોતાનું ધ્યાન રાખી શકે છે. તેઓ ખૂબ સારું કરી રહ્યા છે. અમે ઈચ્છીએ છીએ કે તમે અમેરિકામાં પ્રોડક્શન કરો." ટ્રમ્પના મતે, એપલ હવે અમેરિકામાં ૫૦૦ બિલિયન ડોલરના રોકાણ સાથે ઉત્પાદન વધારશે. ટ્રમ્પનું આ નિવેદન તેમની 'અમેરિકા ફર્સ્ટ' નીતિને પ્રતિબિંબિત કરે છે. તેઓ ઈચ્છે છે કે એપલ જેવી મોટી બ્રાન્ડ અમેરિકામાં રોકાણ કરે, જેથી ત્યાં નોકરીઓ વધે. ભારતમાં, એપલ પહેલાથી જ ફોક્સકોન અને ટાટા સાથે મળીને આઈફોનનું ઉત્પાદન કરી રહી છે. ૨૦૨૫ માં ભારતમાં બનેલા ૧૫% આઈફોન અમેરિકા મોકલવામાં આવશે. ટ્રમ્પનું આ નિવેદન ભારતની 'મેક ઈન ઈન્ડિયા' પહેલ માટે પડકાર બની શકે છે.

## બાંગ્લાદેશના પૂર્વ રાષ્ટ્રપતિ લૂંગી પહેરી રાતોરાત થાઈલેન્ડ ભાગ્યાં

। (એજન્સી) ઢાંકા, તા.૧૫ । બાંગ્લાદેશમાં ફરી એકવાર રાજકીય ઉથલપાથલ જોવા મળી રહી છે. દેશના પૂર્વ વડાંપ્રધાન શેખ હસીનાની અવામી લીગ સરકારને ઉથલાવી દીધાના નવ મહિના પછી બાંગ્લાદેશના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ હમીદ રાતોરાત લુંગી પહેરીને દેશ છોડીને થાઈલેન્ડ ભાગી ગયા હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. વચગાળાની સરકારે પોલીસ અધિકારીઓને સસ્પેન્ડ અને બદલીઓ કરી છે. ઉપરાંત, આ મામલાની તપાસ માટે એક સમિતિની રચના કરવામાં આવી છે. ૮૧ વર્ષીય અબ્દુલ હમીદ ૨૦૧૩થી ૨૦૨૩ સુધી દસ વર્ષ સુધી બાંગ્લાદેશના રાષ્ટ્રપતિ રહ્યા છે. તેઓ શેખ હસીનાની અવામી લીગ પાર્ટી સાથે જોડાયેલા છે અને અનેક કેસોનો સામનો કરી રહ્યા છે. તાજેતરમાં અવામી લીગ પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. સૂત્રો મુજબ બાંગ્લાદેશના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ હમીદ રાતોરાત લુંગી પહેરીને દેશ છોડીને ભાગી ગયા છે. જોકે, તેમના પરિવારનો દાવો છે કે તેઓ તેમના ભાઈ અને સાળા સાથે સારવાર માટે ગયા છે. પરંતુ તેમના રાજકીય વિરોધીઓ કહે છે કે તેઓ કાર્યવાહીથી બચવા માટે બાંગ્લાદેશથી ભાગી ગયા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે પૂર્વ રાષ્ટ્રપતિ સવારે ૩ વાગ્યે થાઈ એરવેઝની ફ્લાઈટમાં બેસીને ઢાકા એરપોર્ટથી નીકળ્યા હતા.

## ડુપ્લિકેટ વોટર કાર્ડ નંબરની સમસ્યાનો અંતઃ ચૂંટણી પંચ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ । એકસમાન નંબરો ધરાવતા વોટર આઈકાર્ડની દાયકાઓથી જૂની સમસ્યાનો અંત આવ્યો છે અને આવા કાર્ડ ધરાવતા લોકોને નવા નંબરોવાળા વોટર કાર્ડ અપાયા છે. આવા ડુપ્લિકેટ વોટર ફોટો આઈકાર્ડ (EPIC)ની સંખ્યા ઘણી જ ઓછી હતી. સરેરાશ ધોરણે ચાર મતદાન મથકોમાં એક ડુપ્લિકેટ વોટર કાર્ડ નંબર હતાં.ચૂંટણી પંચના સૂત્રોએ જણાવ્યું હતું કે ફિલ્ડ વેરિફેકશન દરમિયાન બહાર આવ્યું હતું કે એકસમાન EPIC નંબરો ધરાવતા લોકો વિવિધ વિધાનસભા બેઠકો અને વિવિધ મતદાન મથકોમાં સાચા મતદાતા હતાં. દરેક મતદારનું નામ મતદાન મથકની મતદાર યાદીમાં હોય છે. સમાન નંબરનો EPIC હોવાને કારણે આવી કોઈ વ્યક્તિ ક્યારેય અન્ય કોઈ મતદાન મથક પર મતદાન કરી શકતા નથી. તેથી ડુપ્લિકેટ EPICને કારણે ચૂંટણીના પરિણામોને અસર થઈ શકે નહીં.ટીએમસી સહિતના વિરોધ પક્ષોએ મતદાર યાદીમાં છેડછાડના આક્ષેપ કર્યા તે પછી માર્ચમાં ચૂંટણીપંચે ભારપૂર્વક જણાવ્યું હતું કે આગામી ત્રણ મહિનામાં દાયકાઓથી ચાલતી આ સમસ્યાનો ઉકેલ લાવવામાં આવશે. આ લાંબા સમયથી પડતર આ સમસ્યાના ઉકેલ માટે તમામ ૩૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય ચૂંટણી અધિકારીઓ અને દેશભરના તમામ ૪,૧૨૩ વિધાનસભા મતવિસ્તારોના ચૂંટણી નોંધણી અધિકારીઓએ ૯૯ કરોડથી વધુ મતદારોના સમગ્ર વોટર ડેટાબેઝની તપાસ કરી હતી.

### પેન્સેલ્વેનિયામાં થયેલાં અકસ્માતમાં અન્ય એક યાત્રી ગંભીર ઘાયલ

## અમેરિકામાં કાર અકસ્માતમાં ગુજરાતી સહિત બે ભારતીય વિદ્યાર્થીઓના મોત

। (એજન્સી) ન્યૂયોર્ક, તા.૧૫ । અમેરિકાના પેન્સિલવેનિયામાં એક કાર દુર્ઘટનામાં બે ભારતીય વિદ્યાર્થીના કરુણ મોત થયા છે, જયારે તેમની કાર એક વૃક્ષ સાથે ટકરાયા પછી પુલ સાથે અથડાઈ હતી. પ્રાથમિક માહિતી પ્રમાણે બંને મૃતકો પૈકી માનવ પટેલ ગુજરાતનો વતની હોવાનું કહેવામાં આવી રહ્યું છે. પોલીસ અધિકારીના કહેવા મુજબ શનિવારે સવારે દુર્ઘટના બની હતી, જેમાં આગળની સીટ પર બેઠેલો એક અન્ય યાત્રી ઘાયલ થયો હતો અને તેને સ્થાનિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. ન્યૂયોર્કમાં ભારતના કોન્સ્યુલેટ જનરલે સોમવારે એક પોસ્ટ કરીને કહ્યું કે, ક્લીવલેન્ડ સ્ટેટ યુનિવર્સિટીના બે ભારતીય વિદ્યાર્થી - માનવ પટેલ (૨૦) અને સૌરવ પ્રભાકર(૨૩)નું કાર દુર્ઘટનામાં મોત થયું તે જાણીને દુખ થયું. આ મુશ્કેલ સમયમાં અમારી સંવેદના અને પ્રાર્થનાઓ તેમના પરિવારોની સાથે છે. દૂતાવાસ પીડિત પરિવારોના સંપર્કમાં છીએ અને તેમને શક્ય મદદનું આશ્વાસન આપ્યું છે. મીડિયા રિપોર્ટ મુજબ શનિવારે સવારે ૭ કલાકે બ્રેકનોક ટાઉનશીપમાં પેન્સિલવેનિયા ટોલગેટ પર એક વાહન દુર્ઘટનામાં યુવા વિદ્યાર્થીઓના મોત થયા છે. લેન્કેસ્ટર કાઉન્ટી કોરોનરની ઓફિસ અને પેન્સિલવેનિયા સ્ટેટ પોલીસના કહેવા મુજબ માનવ પટેલ અને સૌરવ પ્રભારકના મોત તેમની કાર વૃક્ષથી ટકરાઈ અને પછી પુલ સાથે ટકરાવાથી થયા છે.

### ફાયરિંગનું કારણ અકબંધ

## છત્તરપુર મેટ્રો સ્ટેશન પાસે ૧૦ રાઉન્ડ ફાયરિંગ, એક ઈજાગ્રસ્ત

। નવીદિલ્હી, તા.૧૫ । રાષ્ટ્રીય રાજધાનીમાં છતરપુર મેટ્રો સ્ટેશન પાસે ગોળીબાર થતાં હંગામો મચી ગયો. મળતી માહિતી અનુસાર ૧૦ રાઉન્ડથી વધુ ફાયરિંગ કરવામાં આવ્યું છે. જેમાં એક સ્કોર્પિયો સવાર ઘાયલ થયો હોવાનું સામે આવ્યું છે. તેમને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. જ્યાં તેમની હાલત ગંભીર છે. આ આખી ઘટના દક્ષિણ દિલ્હીની છે, જ્યાં જાહેરમાં અનેક રાઉન્ડ ગોળીઓ ચલાવવામાં આવી હતી. છતરપુર મેટ્રો સ્ટેશન પાસે બનેલી આ ઘટનાથી ભારે હોબાળો મચી ગયો હતો. કહેવામાં આવી રહ્યું છે કે બદમાશોએ સ્કોર્પિયો કાર પર આડેધડ ગોળીબાર કર્યો હતો. કાર સવાર ગંભીર રીતે ઘાયલ થયો છે. લગભગ ૧૦ રાઉન્ડ ગોળીઓ ચલાવવામાં આવી. માહિતી મળતા જ ડીસીપી સહિત ઘણા પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા. ઘટના સ્થળને કોર્ડન કરી લેવામાં આવ્યું છે અને તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

### સચ્ચાઈ જાણતા સેનાના જવાનો દોડતા થયા

## સેનાની વરદીમાં આવ્યા અજાણ્યા લોકો, તરસ લાગતા પાણી માગ્યું

। (એજન્સી) જમ્મુ, તા.૧૫ । પહલગામ આતંકી હુમલા બાદ હાલમાં પહેલાથી જ સુરક્ષા દળ જમ્મુ કાશ્મીરમાં આતંકીઓ વિરુદ્ધ યુદ્ધ સ્તર પર એક્શન લઈ રહી છે. જે લોકો આતંકીઓની મદદ કરતા હતા, તેમના ઘર બોમ્બથી ઉડાવવામાં આવી રહ્યા છે. સરકારે કસમ ખાધી છે કે, જે પણ લોકો આ હુમલામાં સામેલ છે, તેમને છોડવામાં આવશે નહીં. આ દરમ્યાન હવે જમ્મુ કાશ્મીરના કઠુઆમાં જે થયું, તેનાથી સૌ કોઈના કાન ઊભા થઈ ગયા છે. લોકોમાં પહલગામ હુમલા જેવો ડર બેસી ગયો છે. હકીકતમાં જોઈએ તો, બે યુવક સેનાની વરદીમાં પહેલા એક ઘરમાં પહોંચ્યા. તેમણે કહ્યું કે, તેઓ સેનાના જવાનો છે. તેમને પાણી પીવું છે. મહિલાએ તેમને પાણી આપ્યું. પણ એક સત્ય એ પણ છે કે, તેમને શંકા ગઈ કે આ યુવકો સૈનિક નહીં પણ સંદિગ્ધ આતંકી હોઈ શકે છે. મહિલાએ તરત આ ઘટનાની જાણકારી સુરક્ષાદળોને આપી. જમ્મુ કાશ્મીરના કઠુઆ જિલ્લાના ઘઘવાલ વિસ્તારમાંથી આ ઘટના સામે આવી છે. સંદિગ્ધ ગતિવિધિઓની સૂચના મળતા સુરક્ષા દળે વ્યાપક તલાશી અભિયાન શરૂ કર્યું. એક સ્થાનિક મહિલાએ જણાવ્યું કે, બે અજાણ્યા વ્યક્તિ, જે સેનાની વરદીમાં હતા, તેમના ઘરે આવ્યા અને પાણી માગ્યું હતું.

# નાહવા પડેલા 3 બાળકોમાંથી એકનું ડૂબી જતાં મોત

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

હાલમાં અમદાવાદની જીવાદોરી સમાન સાબરમતી નદી સફાઈ અને સમારકામ અર્થે ખાલી કરવામાં આવી રહી છે. રિવરફ્રન્ટનું પાણી ખાલી કર્યા બાદ એક દુર્ઘટના સામે આવી છે. મળતી માહિતી મુજબ રીવરફ્રન્ટ કેમ્પ હનુમાન મંદિર પાસે સાબરમતી નદીના તટમાં ન્હાવા માટે પડેલા ૪, ૫ અને ૧૨ વર્ષીય ૩ બાળકો દુર્ઘટનાનો શિકાર બન્યા હતા. મોજ મસ્તી કરવા માટે નદીના અમુક ભાગમાં નાના તળાવ કે ખાડામાં પાણી ભરેલા હોવાને કારણે ત્રણ બાળકો ન્હાવા માટે પડ્યા હતા. પરંતુ તળાવમાં અંદર પોલાણમાં બાળક ડૂબી ગયો હતો.ઘટનાની જાણ થતા જ અમદાવાદ ફાયર વિભાગની ટીમ અને તરવૈયાની ટીમ કામે લાગી હતી. જોકે ડૂબેલા બાળકની શોધ કરવા માટે મોડી રાતે ૩ વાગે છસ્ઝ દ્વારા વસાવેલું **Deep Trekker Underwater ROV** કામે લાગ્યું હતું. જોકે **Deep Trekker Underwater ROV** થી બાળકનું લોકેશન મેળવીને મૃતદેહ પરિવારને સોંપાયો હતો. જો કે દુર્ભાગ્યવશ ૧૨ વર્ષના બાળકનો જીવ બચાવી નથી શકાયો. **AMC**એ વસાવેલ નવી ટેક્નોલોજી ડીપ ટ્રેકરનો ઉપયોગ સૌ પ્રથમ વખત કરવામાં આવ્યો હતો.અમદાવાદ શહેરની જીવાદોરી સમાન સાબરમતી નદી હાલ શુષ્ક થતી જોવા મળી રહી છે. વાસણા બેરેજના મહત્વપૂર્ણ સમારકામ અને ઉપરવાસમાં માટીના રેમ્પ નિર્માણ હેતુસર રાજ્યના સિંચાઈ વિભાગ દ્વારા નદીને સંપૂર્ણપણે ખાલી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ કામગીરી આગામી ૧૨ મે, ૨૦૨૫ થી ૫ જૂન, ૨૦૨૫ સુધી ચાલશે, જેના પરિણામે નદીના એક મોટા હિસ્સામાં સફાઈ અભિયાન પણ હાથ ધરવામાં આવશે. જેના પગલે સુભાષબ્રિજથી વાસણા બેરેજ સુધીનો ૫ કિલોમીટરથી વધુનો પટ ખાલી કરાશે.

# AMC પકડાયેલા રખડતા પશુઓના છાણમાંથી બાયોગેસ ઉત્પન્ન કરશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

અમદાવાદ શહેરમાં પકડાયેલા રખડતા પશુઓના છાણમાંથી બાયોગેસ ઉત્પન્ન કરવા અમદાવાદ મહાનગરપાલિકાએ પ્રોજેક્ટ શરૂ કર્યો છે. ગુજરાતની પહેલી મહાનગરપાલિકા હશે જેના દ્વારા ગાયના છાણમાંથી બાયોગેસ પ્લાન્ટ શરૂ કરાયો હશે. એએમસી સીએનસીડી વિભાગના વડા નરેશ રાજપૂતે જણાવ્યું હતું કે, “અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રખડતા પશુત્રાસ અટકાવ અને નિયંત્રણ પોલીસી-૨૦૨૩ની અસરકારક અમલવારી કરાવી શહેરમાંથી રખડતા પશુઓનો ત્રાસ શહેરમાંથી દૂર કરવાની અભૂતપૂર્વ કામગીરી છે. રાજ્યના તમામ શહેરોએ નોંધ લીધી છે. લાયસન્સ / પરમીટ વગરના તથા રખડતા પશુઓને પકડી દાણીલીમડા અને બાકરોલ કરુણા મંદિરમાં રાખી ઘાસચારો, પાણી, તબીબી સારવાર, દેખરેખ, સેવા નિભાવ જેવી પશુવિષયક વ્યવસ્થાઓ / સવલતો ઉભી કરાયેલ છે. કરુણા મંદિરમાં દૈનિક ધોરણે ૨૫૦૦ કિ.ગ્રા. જેટલુ છાણ / ગ્રીન વેસ્ટ જનરેટ થાય છે. કચરાના પ્રોસેસીંગ માટેના માન્ય સિદ્ધાંતો **Reduce, Reuse, Recycle, Resource, Repurpose energy** નો **concept** બજેટ બુક ૨૦૪-૨૫માં રજૂ થયેલ **“Circular Economy" concept** તથા "**ટ્રી Zero Cell"**ની ગાઈડલાઈન મુજબ જનરેટ થતા છાણમાંથી રિસોર્સ, એનર્જી, રીયુઝ કરી છાણમાંથી વિવિધ પ્રોડક્ટસ બનાવવામાં આવે છે. દૈનિક ધોરણે જનરેટ થતુ ૨૦૦૦ કિ.ગ્રા. જેટલુ છાણ મ્યુનિ. કોર્પો.ના બગીચા ખાતાની ગ્યાસપુર ખાતેની સાઈટમાં લઈ જઈ ખાડો કરી આ છાણ રાખવામાં આવે છે. નિયત સમય બાદ તે સુકાય જાય છે તથા પ્રક્રિયા થયા બાદ તૈયાર થતા ખાતરનો મ્યુનિ. કોર્પો.ના ૬૨ જેટલા ગાર્ડનમાં દૈનિક ધોરણે ૧૫૦૦ કિ.ગ્રા.થી પણ વધારે ખાતર તરીકે રોપા ઉછેર, નર્સરી, સોઈલ એનરિચર, તરીકે હાલમાં પણ ઉપયોગ કરવામાં આવે છે.

### ૧૬ મે : રાષ્ટ્રીય ડેન્ગ્યૂ દિવસ । ડેન્ગ્યૂ ‘એડીસ ઇજિપ્તી’ નામના મચ્છર કરડવાથી થાય છે

# રાષ્ટ્રીય ડેન્ગ્યૂ દિવસ નિમિત્તે તાલુકા આરોગ્ય કચેરી વિરમગામ ખાતે પપેટ શો દ્વારા જનજાગૃતિનો પ્રયાસ

। (એજન્સી) રાજકોટ, તા.૧૫ ।



આજે માહિતીના આદાન પ્રદાન માટે મોટાભાગે મોબાઈલ દ્વારા સોશિયલ મીડિયાના માધ્યમોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે, પરંતુ માહિતી આદાનપ્રદાનના પરંપરાગત માધ્યમો આજે પણ અસરકારક રીતે કામ આવી શકે છે, તેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે - પપેટ શો, અર્થાત્ કઠપૂતળી દ્વારા રજૂઆત.

અમદાવાદ જિલ્લાના તાલુકા આરોગ્ય કચેરી વિરમગામ ખાતે રાષ્ટ્રીય ડેન્ગ્યૂ દિવસ પૂર્વે પપેટ શો દ્વારા ડેન્ગ્યૂ સહિત વાહકજન્ય રોગચાળા અંગે જનજાગૃતિ કરવામાં આવી હતી. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. શૈલેષ પરમાર અને જિલ્લા મેલેરિયા અધિકારી નરેન્દ્રસિંહ રાઠોડના માર્ગદર્શન હેઠળ ડેન્ગ્યૂ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ૧૬ મેના રોજ સમગ્ર ભારતમાં રાષ્ટ્રીય ડેન્ગ્યૂ દિવસની ઉજવણી કરવામાં આવે છે. ડેન્ગ્યૂ ‘એડીસ ઈજિપ્તી’ નામના મચ્છર કરડવાથી થાય છે. વરસાદના કારણે ખાડા, ખાબોચિયાં, ખાલી ડબલાં, નકામાં ટાયર, ઘરગથ્થુ વપરાશમાં લેવામાં આવતાં ખુલ્લાં વાસણો, કુલર વગેરે જગ્યામાં ભરાયેલા પાણીમાં આ મચ્છર જન્મે છે. આ મચ્છરની ખાસિયત એ છે કે, તે ચોખ્ખા પાણીમાં પેદા થાય છે અને તે કરડવાથી જેની રોગપ્રતિકારક શક્તિ નબળી હોય તેને તુર્ત જ બીમારી લાગુ પડી જાય છે. આ મચ્છર (એડીસ ઈજિપ્તી) કાળા રંગના હોય છે, જેની ઉપર સફેદ પટ્ટી હોય છે, તે લગભગ ૫ એમ.એમ. સાઈઝના હોય છે. આ મચ્છર રાત્રે નહિ પરંતુ દિવસે કરડે છે. ડેન્ગ્યૂનો તાવ લગભગ ચારથી છ દિવસ રહે છે. સખત તાવ આવવાની સાથે આંખના ડોળાની પાછળ દુખાવો થાય કે હાથ અને ચહેરા પર ચકામા પડે, નાક, મોં તેમજ પેઢામાંથી લોહી પડે તો ડેન્ગ્યૂ હોઈ શકે છે. ડેન્ગ્યૂ જેવા કોઈ પણ લક્ષણ જોવા મળે તો નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અથવા તો આરોગ્ય કર્મચારીનો સંપર્ક કરવો જોઈએ. ડેન્ગ્યૂમાં સમયસર નિદાન અને સારવાર જરૂરી છે.

# કૃષિ મંત્રી રાઘવજી પટેલે ‘કેસર કેરી મહોત્સવ-૨૦૨૫’નો શુભારંભ કરાવ્યો



। અમદાવાદ, તા.૧૫ ।

કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલે અમદાવાદ હાટ ખાતે ‘કેસર કેરી મહોત્સવ-૨૦૨૫’નો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે શહેરનાં મેયરશ્રી પ્રતિભાબહેન જૈન, રાજ્યસભા સાંસદ શ્રી નરહરિ અમીન તથા વેજલપુરના ધારાસભ્ય શ્રી અમિત ઠાકર ઉપસ્થિત રહ્યા હતા.

મંત્રીશ્રી સહિતના મહાનુભાવોએ ઉદ્ઘાટન બાદ કેરીના વિવિધ સ્ટોલ્સની મુલાકાત લીધી હતી તથા કેરીની વિવિધ જાતો તથા કેનિંગ પ્રોડક્ટ્સ નિહાળી હતી. મંત્રીશ્રીએ સ્ટોલ ધારકો સાથે સંવાદ પણ સાધ્યો હતો. કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલે ‘કેસર કેરી મહોત્સવ-૨૦૨૫’ને ખુલ્લો મૂકતાં જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં વર્ષ ૨૦૦૭થી કેસર કેરી મહોત્સવની શરૂઆત કરાવી હતી. ત્યારબાદ દર વર્ષે ઉનાળા દરમિયાન આ કેરી મહોત્સવનું આયોજન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે. આ વર્ષે પણ ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન દ્વારા રાજ્યના વિવિધ જિલ્લાઓના કેરી પકવતા ખેડૂતો, ખેડૂત મંડળીઓ અને નેચરલ ફાર્મિંગ **FPO**ને સાથે લાવીને ’કેસર કેરી મહોત્સવ-૨૦૨૫’નું આયોજન કરવામાં આવ્યું છે. શહેરીજનો કેસર કેરી મહોત્સવનો મહત્તમ લાભ લે અને ઉચ્ચ ગુણવત્તાવાળી કાર્બાઈડ ફ્રી કેસર કેરીની મીઠાશને માણે, એવો મંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે કેસર કેરી મહોત્સવ-૨૦૨૫માં આશરે ૮૫ જેટલા સ્ટોલ્સ વિનામૂલ્યે ફાળવવામાં આવ્યા છે. આ મહોત્સવમાં તલાલા-ગીર, જૂનાગઢ, અમરેલી, કચ્છ, વલસાડ અને નવસારી જેવા પ્રદેશોની સુપ્રસિદ્ધ અને સ્વાદિષ્ટ કેરીઓ પકવતા ખેડૂતો અને વેચાણ કરતી સંસ્થાઓ સહભાગી બની છે. આમ, આ મહોત્સવ રસાયણમુક્ત કેરીની ખરીદીનું સ્થળ જ નહીં બની રહેતા, શહેરી ગ્રાહકો અને ગ્રામ્ય ઉત્પાદકો વચ્ચે સીધા સંવાદ અને વિશ્વાસનું માધ્યમ બની રહેશે. કેરી પકવતા ખેડૂતો તેમની કાર્બાઈડ ફ્રી કેરી સીધી શહેરી ગ્રાહકોને વેચી શકે તે માટે રાજ્ય સરકાર ‘કેસર કેરી મહોત્સવ’ જેવું એક માધ્યમ પૂરું પાડીને ખેડૂતોને સહાયરૂપ બની રહી છે.

# રાજ્ય સરકાર કરશે ઉનાળુ મગની ટેકાના ભાવે ખરીદી

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૫ ।

ખેડૂતોને તેમની ઉપજના પોષણક્ષમ ભાવ મળે તે સુનિશ્ચિત કરવા માટે ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ માટે ઉનાળુ મગ પાક માટે રૂ. ૮,૬૮૨ પ્રતિ ક્વિન્ટલ ટેકાનો ભાવ જાહેર કરવામાં આવ્યો હતો. પ્રવર્તમાન સમયમાં વિવિધ છઁસ્ઝ ખાતે ઉનાળુ મગનો બજાર ભાવ રૂ. ૬,૭૭૨ પ્રતિ ક્વિન્ટલ જેટલો ચાલી રહ્યો છે. કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, મગના ઓછા ભાવથી રાજ્યના કોઈપણ ખેડૂતને આર્થિક નુકશાન ન થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા ઉનાળુ મગની ટેકાના ભાવે ખરીદી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ઉનાળુ મગના ટેકાના ભાવે વેચાણ માટે આવતીકાલ તા.૧૫ મે, ૨૦૨૫ થી આગામી તા.૨૫ મે ૨૦૨૫ સુધીમાં રાજ્યના ખેડૂતોએ ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો ખાતેથી **VCE** મારફતે નાફેડના ઈ-સમૃધ્ધિ પોર્ટલ પર નોંધણી કરવાની રહેશે. આ નોધણી માટે ખેડૂતોએ કોઈ પણ પ્રકારનો ચાર્જ ચૂકવવાનો રહેશે નહીં.

### કાયદા હેઠળ એક મળી કુલ ત્રણ કેસો નોંધાયા હતા

# રાજકોટના પૂર્વ TPO મનસુખ સાગઠિયાની ૨૧ કરોડની મિલકતો EDએ ટાંચમાં લીધી

। (એજન્સી) રાજકોટ, તા.૧૫ ।



પીએમએલએ એટલે કે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટની કલમ ૫ મુજબ ઈડીએ રાજકોટ ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડના આરોપી અને રાજકોટ મહાનગરપાલિકાના પૂર્વ ટીપીઓ મનસુખ સાગઠિયાની રૂા. ૨૧ કરોડની સ્થાવર મિલકતો ટાંચમાં લીધી છે. આ મિલકતો અંગે કોઈ હુકમ નહીં કરવા રાજકોટની કોર્ટમાં ઈડીએ અરજી કરી છે.

ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડ બાદ સાગઠિયા સામે આઈપીસીની કલમો હેઠળ બે અને ભ્રષ્ટાચાર નિવારણના કાયદા હેઠળ એક મળી કુલ ત્રણ કેસો નોંધાયા હતાં. જેમાંથી એસીબીએ તપાસ દરમિયાન સાગઠિયાની રૂા. ૨૮ કરોડની અપ્રમાણસર મિલકતો શોધી કાઢી હતી. જે તેણે પોતાની પત્ની અને પુત્રના નામે વસાવી હતી.એક સ્થાવર મિલકતમાં તેના પુત્ર કેયુરને અલ્કેશ ચાવડા સાથે સહમાલિકી હતી. આ કેસ અંગે એસીબીએ ઈડીને જાણ કરી હતી.

જેથી ઈડીએ તપાસ હાથ ધરી હતી અને એવા નિષ્કર્ષ પર પહોંચી હતી કે સાગઠિયાએ પોતાના, પત્ની ભાવનાબેન, પુત્ર કેયુર અને અલ્કેશના નામે મિલકતો વસાવી છે. જેમાં સ્થાવર મિલકતો, કિંમતી ઝવેરાતો, ફિક્સ ડિપોઝીટ વગેરનો સમાવેશ થાય છે. ઈડીની તપાસ દરમિયાન આ તમામ મિલકતોની કિંમત રૂા. ૨૧.૬૧ કરોડ જણાઈ હતી. ઈડીએ આ મિલકતો જપ્ત કરી છે. જ્યારે એસીબીએ આ મિલકતો ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ કોર્ટ કસ્ટડીમાં સોંપી હતી. ઈડીએ રાજકોટની કોર્ટમાં અરજી કરી એવી રજૂઆત કરી છે કે પીએમએલએની કલમ ૮ હેઠળ હાલનો કેસ દિલ્હી ખાતે એડજ્યુકેટીંગ ઓથોરિટી સમક્ષ ચાલવાપાત્ર છે. જેથી આ મિલકતો અંગે ટ્રાન્સફરનો કોઈ હુકમ નહીં કરવા અરજી કરી છે. જે સંદર્ભે રાજકોટની ખાસ અદાલતે સાગઠિયા અને પ્રોસીક્યુશનને ગઈ તા. ૧૨ના રોજ હાજર રહેવા નોટિસ આપી હતી. જેમાં પ્રોસીક્યુશન તરફથી એસીબીના પીઆઈ લાલીવાલ અને સ્પે. પીપી એસ.કે. વોરા હાજર રહ્યા હતાં. જ્યારે સાગઠિયા વતી કોઈ હાજર નહીં રહેતા આગળની કાર્યવાહી માટે કોર્ટે તરીખ ૨૬ પર અનામત કરી છે.

# MSU ફેકલ્ટી ઓફ ટેકનોલોજી એન્ડ એન્જિનિયરિંગ ખાતે વરસાદી પાણીના સંગ્રહ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું

। વડોદરા, તા.૧૫ ।



વરસાદી પાણીનો સંગ્રહ એ વરસાદી પાણીને જમીનમાં શોષી લેવાને બદલે, પછીના ઉપયોગ માટે સંગ્રહિત કરવાની પ્રથા છે. આ પાણી બચાવવા, મ્યુનિસિપલ પાણી પુરવઠા પર નિર્ભરતા ઘટાડવા અને વરસાદી પાણીના પ્રવાહનું સંચાલન કરવા માટે કરવામાં આવે છે. વરસાદી પાણી છત જેવી સપાટી પરથી એકત્રિત કરવામાં આવે છે અને ટાંકી, કુંડ, ઊંડા ખાડા, જલભર અથવા જળાશયમાં રીડાયરેક્ટ કરવામાં આવે છે, જેનાથી તે નીચે ઉતરી શકે છે અને ભૂગર્ભજળને પુનઃસ્થાપિત કરી શકે છે. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા આ પ્રથામાં એક મહત્વપૂર્ણ છલાંગ લગાવી રહી છે અને ટેકનોલોજી અને એન્જિનિયરિંગ ફેકલ્ટીના ધાતુશાસ્ત્ર વિભાગ પાસે વરસાદી પાણીના સંગ્રહ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરી રહી છે. પ્રોજેક્ટ ફેસિલિટેટર, **SOCLEEN** ના પ્રમુખ અને ચાન્સેલર રાજમાતા શુભાંગીનીરાજે ગાયકવાડ હાજર હતા. આ પ્રોજેક્ટ મહત્વપૂર્ણ છે કારણ કે તે વિસ્તારમાં પાણી ભરાવાની સમસ્યાને ઉકેલશે અને વિદ્યાર્થીઓને અભ્યાસ પ્રોજેક્ટ તરીકે પણ સેવા આપશે. સોકલીન સુવિધા આપનાર છે, અને સંશોધને આબોહવા પરિવર્તન અને સંશોધનનું ટેકનિકલ માર્ગદર્શન પૂરું પાડ્યું છે. "ફેકલ્ટીના આ ખાસ વિસ્તારમાં ઋતુ દરમિયાન પાણી ભરાઈ જાય છે અને વિદ્યાર્થીઓને તેમના વાહનો ખસેડવામાં મુશ્કેલી પડે છે. આનું કારણ એ છે કે નજીક આવતા રસ્તાઓ અને વિસ્તાર ઢાળવાળા હોય છે, જેના પરિણામે વરસાદનું પાણી એકઠું થાય છે અને છત બનાવવામાં આવે છે. અમે પ્રોજેક્ટ માટે આદર્શ સ્થળ પસંદ કર્યું અને તેને ફિલ્ટરેશન ચેમ્બર અને ગ્રેડેડ ફિલ્ટર સાથે અમલમાં મૂક્યું. અમે લગભગ ૨૦૦ ફૂટ ઊંડા ગયા, જળભંડારના ત્રણ સ્તરોને પંચર કરવાનો પ્રયાસ કર્યો. આ પ્રોજેક્ટનો ખર્ચ લગભગ ૨.૭૫ લાખ થયો, અને અમે તેને નજીકના પહેલાથી અસ્તિત્વમાં રહેલા જૂના રિચાર્જ કૂવા સાથે પણ જોડ્યું. વધુમાં, આ પ્રોજેક્ટ વિદ્યાર્થીઓને ભૂગર્ભજળની ગુણવત્તા અને સ્તર ચકાસવા માટે અભ્યાસ પ્રોજેક્ટ તરીકે તેનો ઉપયોગ કરવાની મંજૂરી આપશે, એમ એમએસયુ બરોડાના ઈન્સ્ટિટ્યૂટ ઓફ ક્લાઈમેટ ચેન્જ એન્ડ રિસર્ચના ડિરેક્ટર ડૉ. સંસ્કૃતિ મજુમદારે જણાવ્યું હતું.

રાજમાતા શુભાંગીનીરાજે ગાયકવાડે જણાવ્યું હતું કે, આ સુવિધા પાણી ભરાવાથી છુટકારો મેળવવા અને પાણી બચાવવામાં પણ મદદ કરશે. આજે વડોદરામાં પાણી રિચાર્જિંગ અને હાર્વેસ્ટિંગની જરૂર છે, અને આ પ્રોજેક્ટ તેનું એક ઉદાહરણ છે.

### ૬ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત

# કેરી ચોરીના કેસમાં જેતપુરના ‘બંટી-બબલી’ દંપતી ઝડપાઈ

।(એજન્સી) જૂનાગઢ, તા.૧૫।

કેરીની સીઝન હવે પૂર્ણતા તરફ આગળ વધી રહી છે ત્યારે કેરીના શોખીનો કેરી ખરીદવા બજારમાં આવી રહ્યા છે. પરંતુ આ વખતે એક ચોંકાવનારો કેસ સામે આવ્યો છે. કેરીની ખરીદી તો સાંભળી હશે પરંતુ કેરીની ચોરી..., જી હા, જૂનાગઢમાં કેરીની ચોરીનો કેસ સામે આવ્યો છે.

મળતી માહિતી અનુસાર, કેરીના વેપારઓને ટાર્ગેટ બનાવીને કેરીના બોક્સ અને રોકડની ચોરી કરતા જેતપુરના એક દંપતીને પોલીસે પકડી પડ્યા છે. ઉપરાંત પોલીસે તેમની પાસેથી ચોરી કરેલા કેરીના ૧૦ બોક્સ અને રોકડ મળીને કુલ ૬ લાખ કરતાં વધુનો મુદ્દામાલ સાથે જપ્ત કર્યો છે. કેરીના બોક્સની ચોરીઃ ગીર વિસ્તારમાં કેસર કેરીની સીઝન હવે બિલકુલ તેના અંતિમ ચરણો તરફ આગળ વધી રહી છે આવા સમયે બજારમાં અને ખાસ કરીને આંબાવાડીયા વિસ્તારમાં કેરીના બોક્સ અને તેનું વેચાણ કરતા નાના નાના વેપારીઓ માર્ગ પર કેરીના વેચાણ સાથે પોતાનું ગુજરાન ચલાવી રહ્યા છે. આવા નાના વેપારીઓને ટાર્ગેટ બનાવીને જેતપુરનું એક દંપતિ કેરી ચોરી કરતું પોલીસે પકડી પાડ્યું છે. ગત ૯ મે થી લઈને ૧૦ મે ની વહેલી સવાર સુધીમાં તાલાલા નજીક સોફિયાન કના નામના નાના વેપારીની કેબિનમાંથી કેરીના ૧૮ બોક્સ અને ૧૦૦૦૦ રૂપિયા રોકડ ચોરી થયાની ફરિયાદ પોલીસમાં નોંધાવવામાં આવી હતી, જેની તપાસને અંતે પોલીસે આજે જેતપુરના એક દંપતીની અટકાયત કરી છે.

### મશીન ભલે તૂટે, બાળકોના સપના નહીં તૂટવા દઈએ : આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ

# બાળકનું કાનનું મશીન તૂટી જાય તો રાજ્ય સરકાર બીજીવાર નિઃશુલ્ક લગાવી આપે છે : રાજ્ય સરકારનો રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત સંવેદનશીલ અભિગમ

। અમદાવાદ, તા.૧૫ ।



આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે કે, જન્મજાત બહેરાશની તકલીફ હોય તેવા બાળકને રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત નિઃશુલ્ક કોકલીયર ઈમ્પ્લાન્ટ અને એક્સટર્નલ સ્પીચ પ્રોસેસર મશીન નિઃશુલ્ક લગાવી આપવામાં આવે છે. નાનું બાળક રમત ગમત કરતા કાનની બહાર લગાવવાનું એક્સટર્નલ સ્પીચ પ્રોસેસર મશીન ખોઈ બેસે છે કે પછી તૂટી જાય કે બગડી જાય છે ત્યારે બાળક ફરીથી શ્રવણ શક્તિ ગુમાવે છે. આવા બાળકને રાજ્ય સરકાર કોકલીયર ઈમ્પ્લાન્ટ અને એક્સટર્નલ સ્પીચ પ્રોસેસર મશીન બીજીવાર નિઃશુલ્ક લગાવી આપ શે. મશીન ભલે તૂટે, બાળકના સપના નહીં તૂટવા દઈએ તેમ મંત્રી શ્રી એ ઉમેર્યું હતું. આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલના હસ્તે ૧૦૦ બાળકોને કોકલીયાર ઈમ્પ્લાન્ટ અને એક્સ્ટર્નલ સ્પીચ પ્રોસેસર મશીનનું વિતરણ અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવ્યું હતું. કુલ ૨૨૦ બાળકોને, રૂપિયા અઢી લાખનું એક એવા આ મશીનનું બીજીવાર ફીટીંગ અને મેપિંગ કરી આપવાનું આયોજન હાથ ધરાયું છે.બાકી રહેલા ૧૨૦ બાળકોના પણ પ્રોસેસર ઈમ્પ્લાન્ટ ટુંક સમયમાં નવા બદલી આપ વામાં આવશે તેમ મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું. આ સંદર્ભે આરોગ્ય મંત્રીશ્રીએ કહ્યું કે, બાળક એ દેશનું ભવિષ્ય છે. બધીરતાની તકલીફ કે મશીન બગડી જવાના કારણે બાળકનું ભણતર અટકી જાય અને તેનું ભવિષ્ય ધૂંધળું બને તેવું સરકાર થવા નહીં દે. અને એટલે જ એક્સટર્નલ સ્પીચ પ્રોસેસર બગડ્યું હોય કે ખોવાઈ ગયું હોય તેવા કિસ્સામાં આ મશીન ફરીથી નિશુલ્ક લગાવી આપવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. તેમણે ઉમેર્યું કે, પહેલીવાર ખાનગી હોસ્પિટલમાં મશીન લગાવ્યું હોય તો તેમની પાસેથી કુલ ખર્ચના ૧૦ ટકા જેટલી નજીવી રકમ લઈને બીજી વાર મશીન લગાવી આપવામાં આવશે. કુદરતે કોઈ બાળકને કાનમાં ત્રુટી આપી છે તો તેને નિવારવા સરકારે કૃત્રિમ શ્રવણ શક્તિ આપવાનું વ્યવસ્થા સરકારે બનાવી છે. મંત્રીશ્રીએ કહ્યું કે, બાળકનું સપનું હોય વૈજ્ઞાનિક બનવું, ઈજનેર બનવું અને સારી કારકિર્દી બનાવીને પરિવાર અને રાષ્ટ્રની સેવા કરવી. તો આવા સપના પૂરા કરવામાં તેમની બધિરતા અડચણ ન બને તે રાજ્ય સરકારે સુનિશ્ચિત કર્યું છે. તેમણે વધુમાં કહ્યું કે, સરકારે ઓડિયોલોજીમાં ઉચ્ચ તબીબી અભ્યાસ માટેનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર સોલા સિવિલ હોસ્પિટલ ખાતે ઊભું કર્યું છે. સોલા સિવિલ હોસ્પિટલના વિભાગના વડા શ્રીમતી નીના ભાલોડીયાએ સરકારી ઓડિયોલોજી કોલેજના ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત વિગતો આપતા કહ્યું કે, અત્યારે સુધીમાં ૯૦૦૦ લોકોએ બહેરાશ સંબંધી સારવાર અહીં લીધી છે. ૪૦૦૦ થી વધુ કોકલીયર ઈમ્પ્લાન્ટ કરવામાં આવ્યા છે. સ્પીચ થેરાપી માટેના સાઉન્ડ પ્રુફ રૂમ અને અધ્યતન સાધનો અહીં ઉપલબ્ધ છે. મંત્રી શ્રી ઋષિકેશ પટેલે ઓડિયોલોજી ફેસીલીટી, સ્પીચ થેરાપી સેન્ટર, ઈમ્પ્લાન્ટ સુવિધા વગેરેની મુલાકાત લીધી હતી. તેમણે સોલા સિવિલ હોસ્પિટલના વિવિધ વોર્ડની રૂબરૂ મુલાકાત લઈને તમામ મેડિકલ ફેસીલીટીની સમીક્ષા કરી હતી અને તબીબો તેમજ વહીવટી અધિકારીઓને આવશ્યક સૂચનો કર્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨



કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે છત્તીસગઢ અને તેલંગાણા સરહદ પાર કરેગુટ્ટા હિલ્સ (KGH) માં હાથ ધરવામાં આવેલા ૨૧ દિવસના નક્સલ વિરોધી ઓપરેશનમાં ઘાયલ થયેલા સુરક્ષા કર્મચારીઓના સ્વાસ્થ્યની તપાસ કરી હતી.

### આતંકવાદી હુમલા અને ઓપરેશન સિંદૂર પર મોટું નિવેદન

# બ્રિટિશ લેખકે ઓપરેશન સિંદૂરના ખુબ વખાણ કર્યા

### ચીનપાકિસ્તાનનો ઉપયોગપ્રોક્સી તરીકે કરે છે, તેથી તેના પર વિશ્વાસ કરી શકાય નહીં મને લાગે છે કે ડોનાલ્ડ ટ્રમ્પે આ સમજવું જોઈએ

। (એજન્સી) બ્રિટન, તા.૧૫ ।

બ્રિટિશ રાજકીય વિવેચક અને લેખક ડેવિડ વાન્સે પહેલગામ આતંકવાદી હુમલા અને ઓપરેશન સિંદૂર પર મોટું નિવેદન આપ્યું છે. તેમણે પાકિસ્તાનને ટેકો આપવા બદલ ચીનની ટીકા કરી. બેઈજિંગ પર આરોપ લગાવતા તેમણે કહ્યું, ''ચીન એશિયા ક્ષેત્રમાં પાકિસ્તાનનો ઉપયોગ પ્રોક્સી તરીકે કરે છે. તેથી, ચીન પર વિશ્વાસ કરી શકાય નહીં.'' તેમણે એમ પણ કહ્યું કે જો ભારતને યોગ્ય ટેકો આપવામાં આવે તો તે એશિયા ક્ષેત્રમાં ચીન સામે પશ્ચિમ માટે મજબૂત દિવાલ તરીકે કામ કરી શકે છે. તેમણે એક ઈન્ટરવ્યુમાં કહ્યું, 'ચીન પાકિસ્તાનનો ઉપયોગ પ્રોક્સી તરીકે કરે છે, તેથી તેના પર વિશ્વાસ કરી શકાય નહીં. મને લાગે છે કે ડોનાલ્ડ ટ્રમ્પે આ સમજવું જોઈએ.

ડેવિડ વેંસે કહ્યું, 'ડોનાલ્ડ ટ્રમ્પ એ સમજે કે જો ભારતને વધુ સારો ટેકો આપવામાં આવે તો ભારત ચીન સામે પશ્ચિમી દેશો માટે મજબૂત દિવાલ તરીકે કામ કરશે તો તે વધુ સારું રહેશે.' પાકિસ્તાન સામે આપણે ભારતને જેટલું વધુ સમર્થન આપીશું, તેટલું જ સારું રહેશે, કારણ કે ચીનને પાકિસ્તાનમાં ઘણો રસ છે. જે લોકો ભારતના હિત વિશે વિચારતા નથી, તેઓ પશ્ચિમ વિશે પણ વિચારતા નથી, એવું મારું માનવું છે. તેમણે પાકિસ્તાનને ટેકો આપવા બદલ તુર્કીની પણ ટીકા કરી. તેમણે અંકારા પર સમસ્યાઓ ઊભી કરવાનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે તુર્કીએ પાકિસ્તાનના પક્ષમાં આપેલા ભારત વિરોધી નિવેદનની ટીકા થવી જોઈએ.

''મને આશ્ચર્ય નથી થયું,'' વેન્સે કહ્યું. ચીન ભારત માટે એક સમસ્યા છે અને જેમ મેં કહ્યું તેમ પાકિસ્તાન એક નિષ્ફળ દેશ છે. મને લાગે છે કે તુર્કી પણ એક વિવાદાસ્પદ દેશ છે.

## વિપક્ષ સર્વપક્ષીય બેઠકમાં ટ્રમ્પના દાવા અંગે સરકારને સવાલ કરશેઃ ખડગે

। (એજન્સી) કાલાબુર્ગી (કર્ણાટક), તા.૧૫ ।

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ મંગળવારે જણાવ્યું હતું કે વિપક્ષ સર્વપક્ષીય બેઠકમાં યુદ્ધવિરામના ટ્રમ્પના દાવા અંગે સરકારને સવાલ કરશે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ યુદ્ધવિરામનો દાવો કરી રહ્યાં છે, પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સરકાર તેનો ઈનકાર કરી રહી છે. આ એક સંવેદનશીલ બાબત છે. તેથી સર્વપક્ષીય બેઠકમાં આ મુદ્દે સરકારને સવાલ કરાશે. રાજ્યસભામાં વિપક્ષના નેતાએ જણાવ્યું હતું કે તેઓ યુદ્ધવિરામ સહિત ભારત અને પાકિસ્તાન વચ્ચેની સરહદ પર તંગદિલી અંગેની તાજેતરની ગતિવિધિઓની ચર્ચા કરવા માટે ટૂંક સમયમાં સર્વપક્ષીય બેઠક બોલાવવાનો સરકારને અનુરોધ કરશે. જો સર્વપક્ષીય બેઠક બોલાવવામાં આવશે તો અમે શું થયું, ટેલિફોન પર શું વાતચીત થઈ તે તમામ બાબતો પૂછીશું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્રમ્પની મધ્યસ્થીને સ્વીકારી લીધી હોવા અંગેના એક પ્રશ્નના જવાબમાં તેમણ જણાવ્યું હતુ કે મારા માટે હવે આ વિશે વાત કરવી યોગ્ય રહેશે નહીં. આજે અમારી પાર્ટીની બેઠક છે. હું તેના માટે જઈ રહ્યો છું. અમે સર્વપક્ષીય બેઠકની માગણી કરીશું. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે સવાલ કર્યો હતો કે શું સરકાર કારગિલ સમીક્ષા સમિતિની જેમ પહેલગામ આતંકવાદી હુમલાની તપાસ કરશે? કારગિલ યુદ્ધ સમાપ્ત થયાના ત્રણ દિવસ પછી વાજપેયી સરકારે કારગિલ સમીક્ષા સમિતિની રચના કરી હતી અને તેનો અહેવાલ સંસદમાં મુકવામાં આવ્યો હતો. શું મોદી સરકાર પણ આવી કવાયત કરશે.

## રોંહિગ્યાઓને સન્માન આપો, ૫૦ લાખનું વળતર અને રહેવાની પરમિટ આપો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

દેશમાં રોહિંગ્યા શરણાર્થીઓનો મુદ્દો જોર પકડતો દેખાઈ રહ્યો છે. આ દરમ્યાન સુપ્રીમ કોર્ટમાં એક નવી રિટ અરજી દાખલ કરવામાં આવી છે. જેમાં દાવો કર્યો છે કે, પોલીસે ૪૩ રોહિંગ્યા શરણાર્થીઓને ધરપકડમાં લીધા અને ભારત સરકાર તેમને બળજબરી પોર્ટ બ્લેયરના રસ્તે મ્યાનમાર મોકલી દીધા. સાથે જ અરજીકર્તાએ પીડિતોને પાછા બોલાવી સન્માન આપવા, ૫૦ લાખનું વળતર અને તેમના રહેવાની પરમિટ આપવાની પણ માગ કરી છે. લાઈવ લોના રિપોર્ટ અનુસાર, અરજીમાં કહેવાયું છે કે, ભારત સરકાર દ્વારા ડિપોર્ટ કરાયેલા શરણાર્થીઓમાં મહિલા, બાળકો અને વૃદ્ધો સામેલ છે. જેમને મ્યાનમાર પાસે આંતરરાષ્ટ્રીય સમુદ્રી સરહદ પાસે છોડી દેવામાં આવ્યા છે.

## લગ્ન સમારંભમાંથી પરત ફરી રહેલી કારને ટ્રકે ટક્કર મારી

। (એજન્સી) લખનૌ, તા.૧૫ ।

ઉત્તર પ્રદેશના બલરામપુર જિલ્લામાં ગુરુવારે સવારે એક દુઃખદ અકસ્માત થયો હતો. અહીં, લગ્નમાંથી પરત ફરી રહેલી એર્ટિગા કારને ટ્રકે ટક્કર મારી હતી, જેમાં લગ્નમાં હાજરી આપી પાછા ફરેલ પાંચ મહેમાનોના ઘટનાસ્થળે જ મૃત્યુ થયા હતા. એવું કહેવામાં આવ્યું હતું કે કારમાં ૧૨ જાનૈયાઓ હતા; બાકીના ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ, શ્રાવસ્તીના વીરપુર ભુલૈયા ગામથી લગ્ન સમારોહમાંથી પરત ફરી રહેલા જાનૈયાની એર્ટિગા કારને બહરાઇચ રોડ પર ચકવા નજીક એક ટ્રકે ટક્કર મારી હતી. કારમાં સવાર ૧૨ લોકોમાંથી પાંચના ઘટનાસ્થળે જ મૃત્યુ થયા હતા. ઘાયલોને જિલ્લા મેમોરિયલ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. મૃતકો ગોંડા જિલ્લાના રહેવાસી હોવાનું કહેવાય છે.

### શરૂઆતમાં માત્ર ૨૯ યુનિટ તૈયાર કરવામાં આવશે

# વર્ષના અંત સુધીમાં પોતાનું GPU લોન્ચ કરશે ભારત

### ભારત દ્વારા તૈયાર કરવામાં આવેલી ગ્રાફિક્સ પ્રોસેસિંગ યુનિટની બ્લોક ડિઝાઇન એનક્રિપ્ટેડ હશે, જેની ક્રિપ્ટોગ્રાફિક કી માત્ર ભારત પાસે જ રહેશે

। (એજન્સી) નવીદિલ્હી, તા.૧૫ ।

ભારત પહેલી વખત પોતાનું જનરલ-પરપઝ ગ્રાફિક્સ પ્રોસેસિંગ યુનિટ વર્ષના અંત સુધીમાં લોન્ચ કરશે. ભારત માટે આ એક ખૂબ જ મહત્ત્વપૂર્ણ પડકાર અને તક છે. એડ્વાન્સ સેમિકન્ડક્ટર ટેક્નોલોજીમાં આત્મનિર્ભર બનવા માટે ભારત પ્રયાસ કરી રહ્યું છે. હાલમાં આ માટે તૈયારી કરવામાં આવી રહી છે, અને શરૂઆતમાં માત્ર ૨૯ યુનિટ તૈયાર કરવામાં આવશે. આ પ્રોટોટાઈપ હશે, જેનાથી આગળના પગલાં નક્કી કરવામાં આવશે. ગ્રાફિક્સ પ્રોસેસિંગ યુનિટ માટે કોર આર્કિટેક્ટચર ભારત દ્વારા વિકાસ કરવામાં આવશે. આ




ડિઝાઈનને હાલ પૂરતું કામ ચલાઉ નામ '1xK' આપવામાં આવ્યું છે. આ ચિપ બનાવવા માટે અન્ય કોમ્પોનેન્ટ્સ પણ જરૂરી છે, જેમાં USB, મેમરી કન્ટ્રોલર્સ અને પેરિફેરલ બ્લોક્સનો સમાવેશ થાય છે. તે માટે ભારત અન્ય કંપનીઓ સાથે સહકાર સ્થાપિત કરવાની તૈયારી કરી રહ્યું છે. આ ચીપને વિકસાવવા માટે ભારત NVIDIA, AMD અને Intel સાથે ચર્ચા કરી રહ્યું છે. ભારત દ્વારા તૈયાર કરવામાં આવેલી ગ્રાફિક્સ પ્રોસેસિંગ યુનિટની બ્લોક ડિઝાઈન એનક્રિપ્ટેડ હશે, જેની ક્રિપ્ટોગ્રાફિક કી માત્ર ભારત પાસે જ રહેશે. પ્રોડક્શન દરમિયાન, આ કીનો ઉપયોગ ફક્ત નિર્ધારિત કંપનીઓ જ કરી શકશે, જેથી સોફ્ટવેર અને ડિઝાઈન ભારત પૂરતી મર્યાદિત રહેશે.ભારતમાં અગાઉ જે પણ ચીપ બનાવવામાં આવતી હતી, તેના ઘણા ભાગો અન્ય દેશોમાં બનાવવામાં આવતા. પરિણામે, કમર્શિયલી, ભારત અન્ય દેશો પર નિર્ભર રહેતું. પરંતુ હવે, સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં ભારતનું મિશન દેશને સ્વાભિમાની બનાવવાનો છે. આ માટે જે પણ જરૂરી કોમ્પોનેન્ટ્સ હોય, તે ભારતમાં જ બનાવવા માટે પ્લાન્ટ સ્થાપિત કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

હાલમાં સરકાર આ ચીપ પર કામ કરી રહી છે અને ટૂંક સમયમાં તેના પ્રોટોટાઈપ બનાવવામાં આવશે. આ પ્રોટોટાઈપના પરિણામો અને સુધારાના સ્તર પર પ્રોડક્શનનો ભવિષ્યનિર્માણ થશે. જો તે સફળ થશે, તો અન્ય કંપનીઓને પ્રોડક્શન માટે કોન્ટ્રાક્ટ આપવામાં આવશે. ૨૦૩૦ના અંત સુધીમાં, ભારત સંપૂર્ણપણે તેની ચીપ અને તેના તમામ કોમ્પોનેન્ટ્સ દેશમાં જ ઉત્પાદન કરવાનું લક્ષ્ય ધરાવે છે.

## કર્નલ સોફિયા પર વિવાદિત ટિપ્પણી કેસમાં હાઇકોર્ટે પોલીસની ઝાટકણી કાઢી

। (એજન્સી) મધ્યપ્રદેશ, તા.૧૫ ।

મધ્યપ્રદેશના વન મંત્રી વિજય શાહને ઓપરેશન સિંદૂર વિશે બ્રીફ આપનારા કર્નલ સોફિયા કુરૈશી પર આપત્તિજનક ટીપ્પણી કરવી ભારે પડી છે. વિજય શાહ મધ્યપ્રદેશ હાઈકોર્ટ દ્વારા એફઆઈઆર નોંધવાના આદેશને પડકારવા સુપ્રીમ કોર્ટ પહોંચ્યા હતાં. જ્યાં સુપ્રીમ કોર્ટે પણ ઝાટકણી કાઢી છે. ચીફ જસ્ટિસ ઑફ ઈન્ડિયાના નેતૃત્વ હેઠળની બેન્ચે આ મામલે સુનાવણી હાથ ધરી હતી. CJIએ વિજય શાહના નિવેદન પર નારાજગી વ્યક્ત હાઈકોર્ટના આદેશ પર રોક મૂકવાનો ઈનકાર કરતાં કહ્યું કે, આ મામલે આવતીકાલે સુનાવણી કરીશું. પણ આવા સમયે આ પ્રકારની ટીપ્પણી કરવાની શું જરૂર હતી. મંત્રી પદ પર બેઠેલા વ્યક્તિ પાસેથી આ પ્રકારના નિવેદનની અપેક્ષા કરી શકાય નહીં. થોડું તો જવાબદારી સાથે બોલો. સુપ્રીમ કોર્ટે વિજય શાહના કેસમાં હાઈકોર્ટના આદેશ પર કોઈ હસ્તક્ષેપ કરવાનો ઈનકાર કર્યો છે. માફી માગવા પણ આદેશ આપ્યો છે. બીજી તરફ મધ્યપ્રદેશ હાઈકોર્ટે આજે ફરી આ મામલે પોલીસની ઝાટકણી કાઢી હતી. હાઈકોર્ટે કહ્યું કે, વિજય શાહ વિરૂદ્ધ નોંધાયેલી એફઆઈઆર આટલી નબળી કેમ છે? તમે કોઈપણ દબાણ વિના તપાસ કરો. એફઆઈઆરમાં સંપૂર્ણ આદેશને સામેલ કરી ફરીથી વ્યવસ્થિત લખો. ગઈકાલે જસ્ટિસ અતુલ શ્રીધરન અને જસ્ટિસ અનુરાધા શુક્લાની બેન્ચે મંત્રી વિરૂદ્ધ એફઆઈઆર નોંધવા આદેશ આપ્યો હતો. જેના પર આજે થયેલી સુનાવણી પર પોલીસની એફઆઈઆર પર વાંધો ઉઠાવતાં તેને ફરીથી લખવા આદેશ આપ્યો છે. ઓપરેશન સિંદૂર પર નિવેદન આપતી વખતે વિજય શાહની જીભ લપસી હતી અને તેમણે નિવેદન આપ્યું હતું કે, 'જે લોકોએ અમારી દિકરીઓને વિધવા બનાવી છે, તેમને પાઠ ભણાવવા માટે અમે તેમની બહેન મોકલી છે.' આ નિવેદનથી ભારે હોબાળો મચ્યો હતો. તેમજ તુરંત માફીની સાથે શાહ વિરૂદ્ધ કાર્યવાહી હાથ ધરવાની માગ ઉભી થઈ હતી. કર્નલ સોફિયા કુરૈશી પર કથિત આપત્તિજનક ટીપ્પણી કરવા બદલ મંત્રી વિજય શાહ વિરૂદ્ધ નોંધાયેલા કેસમાં મધ્યપ્રદેશની હાઈકોર્ટે એફઆઈઆર નોંધવા આદેશ આપ્યો હતો. બુધવારે રાત્રે ઈન્દોર જિલ્લામાં એફઆઈઆર નોંધાઈ હતી. મંત્રી વિરૂદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS)ની ૧૫૨, ૧૯૬(૧) (B) અને ૧૯૭ (૧)(C) હેઠળ ફરિયાદ નોંધાઈ હતી.મંત્રીનો વીડિયો વાઈરલ થતાં રાજકારણમાં ખળભળાટ મચ્યો હતો.

## મણિપુરમાં આસામ રાઈફલ્સનું મોટું ઓપરેશન, ૧૦ ઉગ્રવાદી ઠાર

। (એજન્સી) મણિપુર, તા.૧૫ ।

મણિપુરના ચંદેલ જિલ્લામાં બુધવારે આસામ રાઈફલ્સની એક યૂનિટ સાથે ભારે અથડામણમાં કમસે કમ ૧૦ ઉગ્રવાદીઓ માર્યા ગયા. અધિકારીઓએ આ જાણકારી આપી છે અને કહ્યું કે, અભિયાન હજુ પણ ચાલું છે. સેનાની પૂર્વી કમાને સોશિયલ મીડિયા મંચ એક્સ પર એક પોસ્ટમાં કહ્યું કે ભારત મ્યાનમાર સરહદ નજીક ચંદેલ જિલ્લામાં ન્યૂ સમતાલ ગામ નજીક સશસ્ત્ર ઉગ્રવાલીઓની અવરજવરની ગુપ્ત જાણકારી પર કાર્યવાહી કરતા આસામ રાઈફલ્સે બુધવારે એક અભિયાન શરુ કર્યું હતું.સેનાએ જણાવ્યું હતું કે ઓપરેશન દરમિયાન, શંકાસ્પદ આતંકવાદીઓ દ્વારા સૈનિકો પર ગોળીબાર કરવામાં આવ્યો હતો, જેના જવાબમાં ૧૦ આતંકવાદીઓ માર્યા ગયા હતા. આ કાર્યવાહીમાં મોટી માત્રામાં હથિયારો અને દારૂગોળો મળી આવ્યો છે. સેનાના જણાવ્યા અનુસાર, ઓપરેશન દરમિયાન, જ્યારે



સૈનિકોએ વિસ્તારને ઘેરી લીધો, ત્યારે શંકાસ્પદ આતંકવાદીઓએ તેમના પર ગોળીબાર શરૂ કરી દીધો. જવાબમાં, સૈનિકોએ સંયમ અને વ્યૂહરચના સાથે ગોળીબાર કર્યો. આ એન્કાઉન્ટરમાં ૧૦ આતંકવાદીઓ માર્યા ગયા છે. સેનાએ એમ પણ કહ્યું કે મોટી માત્રામાં હથિયારો અને દારૂગોળો પણ જપ્ત કરવામાં આવ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, વિસ્તારમાં વધુ આતંકવાદીઓ છુપાયેલા હોવાની શક્યતાને ધ્યાનમાં રાખીને સર્ચ ઓપરેશન હજુ પણ ચાલુ છે. આ કાર્યવાહી દરમિયાન કોઈ સૈનિક ઘાયલ થયાના સમાચાર નથી. મણિપુરમાં ચાલી રહેલી અશાંતિ વચ્ચે સુરક્ષા દળો દ્વારા આ કાર્યવાહીને એક મહત્વપૂર્ણ સફળતા માનવામાં આવી રહી છે.

### ઓપરેશન સિંદૂરને કારણે થયુ હતુ બંધ

## અમૃતસર એરપોર્ટથી ફ્લાઇટ્સ ફરી શરૂ કરાઇ

। (એજન્સી) અમૃતસર, તા.૧૫ ।

ભારત-પાકિસ્તાન તણાવ વચ્ચે ૭ મેના રોજ એરપોર્ટથી બધી ફ્લાઈટ્સ બંધ કરી દેવામાં આવી હતી. આ પછી, તેમને બંધ રાખવાની તારીખ ૧૫ મે સુધી લંબાવવામાં આવી હતી. બુધવારે, ૭ દિવસ પછી પહેલા દિવસે, શ્રી ગુરુ રામદાસ આંતરરાષ્ટ્રીય વિમાનમથકથી ૮ ફ્લાઈટ્સનું આગમન થયું હતુ. જેમાંથી એક આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ હતી અને બાકીની સ્થાનિક ફ્લાઈટ્સ હતી. આમાં, દોહાથી કતાર એરવેઝની ફ્લાઈટ ૧૩-૧૪ ના રોજ રાત્રે ૧.૪૮ વાગ્યે અમૃતસર એરપોર્ટ પર ઉતરાણ કર્યું હતુ. આ પછી તે સવારે ૩.૩૫ વાગ્યે પાછું રવાના થયું હતી. તેવી જ રીતે, એર ઈન્ડિયાની ફ્લાઈટ દિલ્હીથી બપોરે ૧૨.૨૦ વાગ્યે આવી અને બપોરે ૧ વાગ્યે પાછી ઉડાન ભરી. કુલ્લુથી પહોંચ્યા પછી, એલાયન્સ એરની ફ્લાઈટ સવારે ૯.૦૮ વાગ્યે પાછી રવાના થઈ હતી. ઈન્ડિગોની



ફ્લાઈટ દિલ્હીથી બપોરે ૧.૪૦ વાગ્યે આવી અને ૨.૧૦ વાગ્યે પાછી આવી હતી. તેવી જ રીતે, મલેશિયા ૧૮ મેથી અને એર એશિયા ૧૯ મેથી તેની ફ્લાઈટ્સ ફરી શરૂ કરશે. આ એરલાઈન્સ કુઆલાલંપુર અને આગળ ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, હોંગકોંગ, મનીલા અને દક્ષિણ પૂર્વ એશિયા, ચીન સાથે જોડાણો પ્રદાન કરે છે. યુદ્ધવિરામની જાહેરાત પછી, ૧૨ મેના રોજ ફરી ફ્લાઈટ્સ શરૂ થવાની જાહેરાત કરવામાં આવી હતી. આમાં, રાત્રે ૯.૧૦ વાગ્યે દિલ્હીથી આવી રહેલી ઈન્ડિગો ફ્લાઈટ રાત્રે અચાનક બ્લેકઆઉટ થયા બાદ ભટિંડાથી પાછી વળી ગઈ હતી.



રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા જયપુરમાં ભારતીય સશસ્ત્ર દળોના ઓપરેશન સિંદૂરને બિરદાવવા માટે તિરંગા યાત્રામાં ભાગ લીધો હતો.

## બે બાળકોની માતા તેના પતિને છોડી ત્રણ બાળકોના પિતા સાથે ભાગી ગઇ

। (એજન્સી) ચૂરુ, તા.૧૫ ।

વૈવાહિક જીવનની ગાડી બે સમાંતર પૈડા પર ચાલે છે. એક પૈડું થોડું પણ ડગમગે તો ગાડી ચાલવી મુશ્કેલ થઈ જાય. તેમાં ઘણી વાર ફસાઈ જવાનો વારો આવે.કંઈક આવું જ ચૂરુના એક શખ્સ સાથે થયું છે. અહીં બે બાળકોની માને તેના પતિને છોડી ત્રણ બાળકોના પિતા સાથે પ્રેમ થઈ ગો. મહિલાનો આરોપ છે કે, તેને તેનો પતિ મારતો હતો. તેથી તેને તેના પતિ પ્રત્યે ગુસ્સો છે. તેણે ઈન્સ્ટાગ્રામ પર નવો સાથી શોધી લીધો. જો કે તે ત્રણ બાળકોનો પિતા છે. પણ તે તેને પ્રેમ કરે છે. મિલા પતિને છોડી પોતાના પ્રેમી સાથે લિવ ઈનમાં રહેવા આવી ગઈ.

ચૂરુના બીદાસર વિસ્તારમાં ઘિંટિયાલની રહેવાસી ૨૫ વર્ષની સુરજ્ઞાનના લગ્ન નવ વર્ષ પહેલા ઝુંઝુનૂ જિલ્લાના નાંદ ગામમાં થયા હતા. લગ્ન બાદ તેને બે બાળકો પણ થયા. સુરજ્ઞાનનો આરોપ છે કે તેનો પતિ દારુડીયો છે. તે વારંવાર તેની સાથે મારપીટ કરતો હતો. તેના જ્યારે લગ્ન થયા તો પતિએ તેના પરિવારને ૩ લાખ રુપિયા આપ્યા હતા. તે વારંવાર તે રુપિયા પાછા માગતો હતો. તેને લઈને દરરોજ હેરાન કરો. તેથી તેને પતિ પ્રત્યે નફરત થઈ ગઈ.

સુરજ્ઞાને જણાવ્યું કે, ૨ વર્ષ પહેલા તેની મુલાકાત ઈન્સ્ટાગ્રામ પર ધન્ને સિંહ નામના શખ્સ સાથે થઈ હતી. ધન્ને સિંહ સાંડવાનો રહેવાસી છે અને તેના સંબંધમાં પણ થતો હતો. તે તેની ભાભીનો ભાઈ છે. તે પણ પરણેલો છે.

## તંત્રી લેખ...

# તુર્કી પછી હવે ચીનનો વારો, ભારત ડ્રેગનને પાઠ ભણાવશે

તુર્કી બાદ હવે ભારત પાકિસ્તાનના એક બીજા દોસ્ત એવા ચીનને પાઠ ભણાવવાની તૈયારીમાં છે. રિપોર્ટના અનુસાર ઓપરેશન સિંદૂર બાદ ભારત સાથેના તણાવમાં પાકિસ્તાને મોટે ભાગે તુર્કી અને ચીનના હથિયારોનો ઉપયોગ કર્યો હતો, ત્યારે પાઠ ભણાવવાનો વારો ભારતનો છે. ભારતમાં ચીન સાથે ચાલી રહેલા રોકાણ સોદામાં વિલંબના સમાચાર છે. રિપોર્ટ્સ અનુસાર, વડા પ્રધાન મોદીની સરકાર દેશમાં ઓછામાં ઓછા ૬-૭ ચીન સમર્થિત રોકાણ સોદાઓની સમીક્ષા કરવા જઈ રહી છે, જેના કારણે તેમની મંજૂરીમાં વિલંબ થઈ શકે છે. એક અહેવાલ મુજબ, સરકાર ચીનની કંપનીઓ દ્વારા વિદેશી રોકાણ દરખાસ્તો અને સંયુક્ત સાહસોની ચકાસણી વધુ તીવ્ર બનાવી શકે છે. રોકાણ સંબંધિત તમામ દરખાસ્તો કે જેની ચર્ચા થવાની હતી, હવે મંજૂરી મળવામાં વિલંબ થઈ શકે છે કારણ કે તેમની ફરીથી સમીક્ષા થઈ રહી છે. માહિતી અનુસાર, વર્તમાન અને ભવિષ્યમાં, ચીન સમર્થિત સંયુક્ત સાહસોને કડક પાલન આવશ્યકતાઓમાંથી પસાર થવું પડી શકે છે. ભારતે અગાઉ એપ્રિલ ૨૦૨૦માં ચીનથી સીધા વિદેશી રોકાણ પર પ્રતિબંધ મૂક્યો હતો, અને કહ્યું હતું કે આવા તમામ પ્રસ્તાવોની તપાસ આ માળખાના આધારે સરકાર દ્વારા કરવામાં આવે અને તેને મંજૂરી આપવામાં આવે. આ સમય દરમિયાન, કોરોના રોગચાળો ફાટી નીકળ્યા પછી, સ્થાનિક કંપનીઓના તકવાદી ટેકઓવરને રોકવા માટે, ભારતે તેની સાથે લેન્ડ શેર કરતા દેશો પાસેથી વિદેશી રોકાણ માટે સરકારી મંજૂરી મેળવવી ફરજિયાત બનાવી દીધી હતી. તે સમયે, ભારતના આ પગલાથી ચીન ગુસ્સે ભરાયું હતું. હવે સરકારે આ નવું પગલું એવા સમયે ભર્યું છે જ્યારે ચીને માત્ર એવું જ કહ્યું નથી કે તે પાકિસ્તાનને સાચા મિત્ર તરીકે પડખે રહેશે.

## ડો. અજય કુમારે યુનિયન પબ્લિક સર્વિસ કમિશનના ચેરમેન તરીકેનો કાર્યભાર સંભાળ્યો





ડો. અજય કુમારે આજે યુનિયન પબ્લિક સર્વિસ કમિશનના ચેરમેન તરીકે પદ અને ગુપ્તતાના શપથ લીધા. કમિશનના સૌથી વરિષ્ઠ સભ્ય લેફ્ટનન્ટ જનરલ રાજ શુક્લા (નિવૃત્ત) દ્વારા શપથ લેવડાવવામાં આવ્યા હતા. કાનપુરની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીમાંથી ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગમાં બી.ટેક. કર્યા પછી, ડૉ. અજય કુમારે યુએસએની મિનેસોટા યુનિવર્સિટીમાંથી એપ્લાઈડ ઈકોનોમિક્સમાં એમએસ અને યુએસએની મિનેસોટા યુનિવર્સિટીની કાર્લસન સ્કૂલ ઓફ મેનેજમેન્ટમાંથી બિઝનેસ એડમિનિસ્ટ્રેશનમાં પીએચડી કર્યું છે. તેમને ૨૦૧૯માં એમિટી યુનિવર્સિટી દ્વારા માનદ ડોક્ટર ઓફ ફિલોસોફીની પદવી પણ એનાયત કરવામાં આવી હતી .

ડૉ. અજય કુમાર ૧૯૮૫ના કેરળ કેડરના ભારતીય વહીવટી સેવા (IAS) બેચના છે. પાંત્રીસ વર્ષથી વધુની તેમની શાનદાર કારકિર્દી દરમિયાન, તેમણે કેરળ રાજ્ય સરકાર તેમજ કેન્દ્રમાં મુખ્ય હોદ્દાઓ પર સેવા આપી છે. રાજ્યમાં તેમના કેટલાક મહત્વપૂર્ણ કાર્યોમાં ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી વિભાગના મેનેજિંગ ડિરેક્ટર; માહિતી ટેકનોલોજી વિભાગના મુખ્ય સચિવનો સમાવેશ થાય છે. કેન્દ્રમાં તેમણે વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના ડિરેક્ટર; સંચાર અને માહિતી ટેકનોલોજી મંત્રાલયના સંયુક્ત સચિવ; રાષ્ટ્રીય માહિતીશાસ્ત્ર કેન્દ્રના ડિરેક્ટર જનરલ; ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયના અધિક સચિવ; સંરક્ષણ ઉત્પાદન સચિવ જેવા મહત્વપૂર્ણ પદો સંભાળ્યા હતા. તેમના છેલ્લા કાર્યકાળમાં, તેમણે સંરક્ષણ મંત્રાલયના સચિવ તરીકે સેવા આપી હતી .

તેમણે " જીવન પ્રમાણ " (પેન્શનરો માટે ડિજિટલ જીવન પ્રમાણપત્રો); **myGov**, પ્રગતિ (પ્રધાનમંત્રીની વિડીયો કોન્ફરન્સ); બાયો-મેટ્રિક હાજરી સિસ્ટમ; **AIIMS**માં **OPD** નોંધણી સિસ્ટમ; ક્લાઉડ સર્વિસ પ્રોવાઈડર્સનો ઉપયોગ કરવા માટે સરકાર માટે "ક્લાઉડ ફર્સ્ટ" નીતિ વગેરે જેવી અનેક ઈ-ગવર્નન્સ પહેલો રજૂ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

ડૉ. અજય કુમારના વિવિધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય જર્નલોમાં અનેક પ્રકાશનો છે. ઉપરાંત, તેમને ૧૯૯૪માં નેશનલ સ્કાઉટ્સ એન્ડ ગાઈડ્સ દ્વારા "સિલ્વર એલિફન્ટ" મેડલ; દેશમાં ઈલેક્ટ્રોનિક્સ ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે ૨૦૧૨ માટે "ઈલેક્ટ્રોનિક્સ લીડર ઓફ ધ યર"; ૨૦૧૫માં ઈન્ડિયા ઈલેક્ટ્રોનિક્સ એન્ડ સેમિકન્ડક્ટર એસોસિએશન દ્વારા "ટેક્નોવેશન સારાભાઈ એવોર્ડ"; ૨૦૧૭માં કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ એન્ડ એપ્લાયન્સિસ મેન્યુફેક્ચરર્સ એસોસિએશન દ્વારા "ચેમ્પિયન ઓફ ચેન્જ" જેવા અનેક પુરસ્કારો પ્રાપ્ત થયા છે.

**યોગેશ્વરે ૧૬ અધ્યાય સુધીની ભાગવત ગીતાનું ગાન કર્યા છતાં અર્જુનને પરમ જ્ઞાનની આ બધી વાતો સમજાતી નથી**

# હે અર્જુન! સાત્વિક શ્રદ્ધા પણ પૂર્ણ શુદ્ધ નથી! ત્રણેય શ્રદ્ધાથી મુક્ત થાય એ મને પામી શકે છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**સૌ સૌએ પોતાનાં સ્વભાવ અનુસાર જીવવું એવું પણ કહેવામાં આવ્યું છે, તો સ્વભાવને સંસ્કાર વગરનો કેમ કહી શકાય! કારણ કે માનવીય મૂળ સ્વભાવતો સત્ય પ્રેમ અને કરુણાના આધારે માનવતાનો જ છે.**

આપના શ્રીચરણોમાં અમારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. વૈશાખને માધવ માસ કહેવાય છે, વિષ્ણુનાં શ્રીકૃષ્ણ સ્વરૂપનું એક નામ માધવ છે, અને શ્રીકૃષ્ણનાં જીવનની સૌથી મોટી કોઈ ઉપલબ્ધિ હોય, તો એ ભગવત ગીતા છે. હાલ સમાજમાં સનાતનીઓનાં જીવનમાં ધર્મને નામે બહુ બધી ચર્ચા થતી હોય છે, અને બધાં પોતપોતાની રીતે બધાને જજ કરતાં હોય! એમાં પણ ખાસ કરીને આ સાત્વિક છે, આ તો બહુ વિષયી છે, અને પેલો તો ભયંકર તામસી પ્રકૃતિ ધરાવે છે! આમ ધર્મને આચરણનો નહીં પણ ચર્ચાનો વિષય અથવા તો જાણકારી કે સંદર્ભ બનાવી દીધો છે! તો સ્વયં યોગેશ્વર કૃષ્ણનાં મુખે જ બોલાયેલ શ્ર્લોક વિશે ચિંતન કરીએ. "ત્રિવિધા ભવતિ શ્રદ્ધા દેહીનાં સા સ્વભાવજા, સાત્વિકી રાજસી ચૈવ તામસી ચેતિ તાં શ્રુણુ. ગીતાનાં સત્તરમાં અધ્યાયનો આ બીજો શ્લોક છે. એમાં ભગવાન કહે છે કે, સંસ્કારોથી કેળવાયેલા વિનાની માત્ર સ્વભાવમાંથી જન્મેલી શ્રદ્ધા સાત્વિકી, રાજસી, અને તામસી હોય છે, એને તું મારી પાસેથી સાંભળ. તો સંસ્કારોથી કેળવાયેલી શ્રદ્ધા કેવી હોય? એવો એક પ્રશ્ન આપને થયો કે નહીં! એ ખબર નહીં, પણ મને તો થયો. આ ઉપરાંત સૌ સૌએ પોતાનાં સ્વભાવ અનુસાર જીવવું એવું પણ કહેવામાં આવ્યું છે, તો સ્વભાવને સંસ્કાર વગરનો કેમ કહી શકાય! કારણ કે માનવીય મૂળ સ્વભાવતો સત્ય પ્રેમ અને કરુણાના આધારે માનવતાનો જ છે. તો ભગવાન યોગેશ્વર ક્યાં સંસ્કારોની વાત આ શ્લોકમાં કરી રહ્યાં છે, કે જેમાં સાત્વિકતાનું પણ મહત્વ નથી. જીવમાં જે આત્મ રૂપે મૂળ તત્વ છે, સત્વ એનો ખોરાક બતાવ્યો છે, એટલે કે સત્વ અન્ય બે કરતાં થોડું શુદ્ધ છે, અને સાત્વિકતાથી જે કાર્ય થાય એનાથી આત્માની પુષ્ટિ બતાવી છે, પણ એ શ્રદ્ધા પણ શુદ્ધ નથી.

આગળના શ્લોકમાં ભગવાન કહે છે કે, દરેક જીવનું પોતાના સ્વભાવ અનુસાર અંતઃકરણ હોય છે, અને તે મુજબ તે દુનિયા સાથે વ્યવહાર કરતો હોય છે, અને પોતાનું કામ કરાવવા ઈશ્વરને પૂજતો હોય છે. સાત્વિક શ્રદ્ધા વાળા જીવ દેવી દેવતાઓની પૂજા અર્ચના કરે છે, રાજસી શ્રદ્ધા વાળા યક્ષ અને રાક્ષસોને પણ પૂજે છે, જ્યારે તામસી શ્રદ્ધાવાળા ભૂત પ્રેતને પૂજે છે.

આમ યોગેશ્વરે ૧૬ અધ્યાય સુધીની ભાગવત ગીતાનું ગાન કર્યા છતાં અર્જુનને પરમ જ્ઞાનની આ બધી વાતો સમજાતી નથી. તેના મનનાં સંશયો દૂર થતાં નથી, તે શરણાગત થતો નથી, કે આવેલી પરિસ્થિતિ સાથે સમાધાન સાધી શકતો નથી, અને પાપ પુન્યનાં સ્વભાવગત તે આમાંથી યુદ્ધ કર્યા વગર બહાર નીકળવા માંગે છે. ત્યારે ભગવાન યોગેશ્વર તેના સ્વભાવ તરફ નિર્દેશ કરીને કહે છે કે, હે અર્જુન તું ભલે કદાચ સાત્વિક શ્રદ્ધા ધરાવતો હોય, પણ અંતે તો તું તારું ધાર્યું કરવાં માટે જ એ શ્રદ્ધાનો ઉપયોગ કરે છે. જ્યારે જીવનો જન્મતાં વેતનો પહેલો જ સંસ્કાર જન્મ છે, તેનું મૃત્યુ છે, અને અહીં દરેકની નિયતિ ઈશ્વર જ નક્કી કરે છે. જે કંઈ કર્મ થાય છે, એ બધા જ કર્મનાં આપણે માત્ર નિમિત્ત છીએ, એ ભાવ ઉચ્ચતમ રાખી કર્મ કરવાના હોય છે. જ્યારે તારા મનમાં તો હજી યુદ્ધ અને તેમાં થનારા મૃત્યુ વિશે શંકા છે, તુ આ ત્રણેય શ્રદ્ધાથી મુક્ત થઈ શકતો નથી, તારા સંસ્કારો શું એટલા નબળા છે! કે જે તને ત્રિગુણાતિત થવા દેતા નથી. તો જે જીવ આ ત્રણેય ગુણથી મુક્ત થઈ જાય, એટલે કે તેનામાં સત્વ રજસ અને તમસની પ્રધાનને કારણે જે કોઈ કર્મ થાય એનો ભાર કે એનો અહમ તેને વિચલિત કરી શકે નહીં, તો એ જીવ ત્રિગુણાતિત છે, અને એ જ આપણા સંસ્કાર છે, એવું ભગવાન યોગેશ્વર ભગવત ગીતામાં કહે છે.

તન સાત્વિક છે, તેની પોતાની પ્રાથમિક જરૂરિયાતો સુધીની જ માંગ છે, પણ પ્રાથમિક જરૂરિયાતમાં વિવિધતાની માંગ મનની છે, માટે મન રાજસી છે, એમ કહી શકાય! અને જો મનની ઈચ્છા અનુસાર ન થાય તો એ તામસી પણ બની શકે છે. તન અને મનનાં યોગ્ય વિચરણથી જ કારણ શરીરને પુષ્ટિ મળતી હોય છે. એટલે આપણા કર્મમાં જો સત્વની પ્રધાનતા હશે, તો આપણા કારણ શરીરની પુષ્ટિ પ્રકાશવર્ધક હશે, અને જે આભા વલયનું નિર્માણ કરે છે, મુખમંડળની આસપાસ આભાની ચેતનાનો વિસ્તાર બતાવ્યો છે, અને એટલે જ અમુક બુદ્ધ પુરુષો કે સાધુ-સંતોના દર્શન માત્રથી આપણે પ્રસન્ન થઈ જતા હોઈએ છીએ. કોઈ આદમ્ય અનુભૂતિનો અનુભવ પણ શક્ય છે, જેને લોકો હિપ્નોટાઈઝ પણ કહી શકે છે, એટલી હદે એ ચહેરાનું તાદમ્ય આપણને થઈ શકે છે. તન અને મન સાત્વિકી અને રાજસી મળીને જે માત્રા ભેદે સ્વભાવ બને તે પ્રમાણમાં અન્યને નુકસાન કરતાં ન્હોય, કોઈ કોઈમાં તે સ્વમુખી હોય, તો કોઈ કોઈમાં પરિવાર પ્રાધાન્ય હોય, પણ ત્રાહિતને નુકસાન કરતાં તો મોટેભાગે ન્હોય. પણ એ જ રીતે રાજસી અને તામસી યુતિથી જે સ્વભાવ બને તે થોડો ખતરો ઉભો કરે, એટલે કે સમાજમાં એનાથી નુકસાન થવાની સંભાવના રહે, અને માત્ર તામસી સ્વભાવ તો ખતરનાક છે, જે કોઈ ને કોઈ રૂપે સમાજને નુકશાન કર્તા છે. ચોરી લૂટ, ફ્રોડ, મારકૂટ, હત્યા બળાત્કાર અત્યાચાર વગેરે સમાચારથી વર્તમાન પત્રો ભરેલા હોય છે,એ તામસી સ્વભાવને કારણે હોય છે. જો આપણને અન્યને પરેશાન કરવાથી આનંદ આવતો હોય તો, આપણે સમજી લેવું કે આપણી શ્રદ્ધા તામસી છે, અને એની માટે ઘણાં બધાં પરિબળો જવાબદાર હોય છે. એટલે કે આપણો આહાર, આશ્રય, અને સંગ એ ત્રણે આની માટે જવાબદાર છે.

તત્વના કેન્દ્ર રૂપી સત્વ એટલે મન (રજસ) એક રસનું નિર્માણ કરે છે, ભલે તે ભોગ પ્રેરક હોય પણ જીવનમાં રસની વૃદ્ધિ માટે મન જરૂરી છે, અને ભક્તિ પણ એક રસ બતાવ્યો હોવાથી, આધ્યાત્મમાં તંદુરસ્ત મન સ્વીકાર્ય છે. જેમ સત્વ અને રજસ ભેગા થઈને કર્મ કરે એ જ રીતે અંતઃકરણમાં સત્યની પ્રતિષ્ઠા અને રજસનો રસ એટલે કે પ્રેમ આ બંનેની યોગ્ય દિશામાં ગતિ થાય, તો એ કરુણા તરફ દોરી શકે છે, કરુણા એટલે કે માનવતા એ જ આપણો મુખ્ય સંસ્કાર છે, જ્યાં માત્ર ને માત્ર શિવ શંકર જેવા ત્રિગુણાતિતનો અધિકાર છે. બ્રહ્મા વિષ્ણુની ખબર નથી, પરંતુ શંકર પ્રમાણમાં સરળતાથી આત્મસાત કરી શકાય છે. શંકર જેમ થોડા ભોળા બનીએ, થોડા ઉદાર બનીએ, અને આવનારી બધી જ પરિસ્થિતિનો સમતાથી સ્વીકાર કરીએ, તો શિવત્વ કંઈ દૂરની વાત નથી, અને જે આપણને લોક કલ્યાણના કાર્ય કરવા પ્રેરશે! આજુબાજુ આસપાસ તામસી માનસિકતા નો ઉપેક્ષા કર્યા વગર એનાથી અંતર કરી લેવું, અથવા તો ઈગ્નોર કરી લેવું, અને આ ત્રણેય પ્રકારની શ્રદ્ધાથી મુક્ત થવા રામ નામ અને રામકાર્યનો સહારો લઈ નીકળી પડવું. જેનાથી આપોઆપ મૂળ સંસ્કારથી જીવ ભરાતો જશે, અને જ્યાં કરેલા કોઈ કર્મનો ભાર નહીં હોય, અહમ નહીં હોય, અને રંજ પણ નહીં હોય. પરમાત્માની પ્રસાદી રૂપે મળેલો મનુષ્ય તન એની અંદર અદ્રશ્ય ઈન્દ્રિય તરીકે આવેલું મન અને પ્રારબ્ધની કૃપાથી પ્રાપ્ત થયેલું ધન આ ત્રણેયની ગતિ જ્યારે લોક મંગલ અને લોક કલ્યાણ તરફ થશે, ત્યારે જ આપણે સાચા સંસ્કારી છીએ એવું કહેવાશે! તો આપણી શ્રદ્ધાને ત્રિગુણાતિત બનાવવા માટે કર્મ ભાવથી ઉપર ઊઠીને કંઈક કરી શકીએ એવી એક અન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**મન વ્યવહાર કરો, પણ ઈશ્વરમાં મન રાખી વ્યવહાર કરવો**

# જિંદગીની યાત્રા વિચિત્ર છે કશું જ લીધા વગર આવીએ, દરેક વસ્તુ માટે લડીએ અને અંતે બધું જ છોડીને ચાલ્યા જઈએ છીએ...



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

યાર, તિરંગાયાત્રાને ઓપરેશન સિંદૂર પછી બહુ પ્રજાનો આવકાર કે સમર્થન મળતું નથી શું આ પ્રજા ખરેખર આઝાદ થઈ કે શું ? અમે તો આ પ્રજાને ભોળી અને ભોટ સમજતા હતા પણ આ પ્રજા તો ઑપરેશન સિંદૂર પછી નિરાશ ટ્રમ, અદાણી અંબાણી.. વાવાઝોડામાં થઈ જે હોય તે પ્રજા આ વખતે માવઠું વરસ્યું તેમ વરસતી દેખાતી નથી રાજકારણ માં આવો ધ્રાસકો જોવા મળે છે ત્યારે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં આજે જોઈએ તો ભાગવતના ટીકાકાર શ્રીધરસ્વામી આ પાંચને નિત્યમાને છે.ભગવાન નું સ્વરૂપ નિત્ય, ભગવાનની લીલા નિત્ય,ભગવાનનું નામ નિત્ય, ધામ નિત્ય અને પરિકર નિત્ય છે.

પરીક્ષિત રાજા પૂછે છેકે ભગવાન પોતાની માયાથી આ સૃષ્ટિની રચના કેવી રીતે કરે છે?આ સૃષ્ટિ ની ઉત્પત્તિની કથા કહો.જવાબ માં શુકદેવજી ભગવાને બ્રહ્માજીને કહી અને બ્રહ્માજીએ જે નારદજી ને કહી તે સૃષ્ટિના આરંભની કથા કહી સંભળાવે છે.

ભગવાનને એકમાંથી અનેક થવાની ઈચ્છા થઈ.પ્રભુએ ચોવીસ તત્ત્વો ઉત્પન્ન કર્યા. આ તત્ત્વો પોતાની મેળે કોઈ કાર્ય કરી શક્યા નહીં, ત્યારે પ્રભુએ એક-એક વસ્તુમાં પ્રવેશ કર્યો.હવે તત્ત્વ માં દિવ્ય ચેતન શક્તિ પ્રગટ થઈ.

સાતમા અધ્યાયમાં ભગવાનની લીલા અવતારોનું વર્ણન કરેલું છે. બ્રહ્માજીની તપશ્ચર્યાથી પ્રસન્ન થઈ ભગવાને તેમને પોતાના સ્વરૂપનું દર્શન કરાવ્યું અને આત્મ તત્ત્વના જ્ઞાન માટે તેમને પરમ સત્ય વસ્તુ નો જે ઉપદેશ કર્યો તે સાંભળો.આદિદેવ બ્રહ્માજી જ પોતાના જન્મ સ્થાન કમળ ઉપર બેસી સૃષ્ટિ રચવાની ઈચ્છાથી વિચાર કરી રહ્યા હતા, પણ સૃષ્ટિની રચના થઈ શકે તેવી જ્ઞાનદૃષ્ટિ પ્રાપ્ત ન થઈ તેવામાં બ્રહ્માજીને આકાશવાણી સંભળાઈ:તપ,તપ! બ્રહ્માજી સમજી ગયા કે તપ કરવાનો આદેશ થયો છે. બ્રહ્માજીએ સો વર્ષ તપ કર્યું અને તેમને ચતુર્ભુજ નારાયણનાં દર્શન થયાં.તપ કર્યા વગર કોઈને ચાલ વાનું નથી. તપ ન કરે તેનું પત થશે. એટલે પતન થાયછે. પછી નારાયણ ભગવાને બ્રહ્માજીને ચતુ:શ્લોકી ભાગવતનો ઉપદેશ કર્યો.દ્વિતીય સ્કંધમાં નવમા અધ્યાયના બત્રીસથી પાંત્રીસ શ્લોકએ ચતુ:શ્લોકી ભાગવત.ભગવાન સંતાકૂકડીની રમતના અજબ ખેલાડી છે. આરંભમાં તમામ જીવો ભગવાન ની અંદર ભગવાન એક-એક જીવને તેના કર્મ પ્રમાણે શરીર આપે છે.તે પછી કહે છે,બેટા, હવે હું સંતાઈ જાઉં છું.હવે તું મને શોધી કાઢજે!

ભગવાન કહે છેકે,જગતમાં ન હતું ત્યારે પણ હું જ હતો. જગત રહેશે નહીં ત્યારે પણ હું જરહીશ જેમ સ્વપ્નમાં એક જ અનેકરૂપે દેખાય છે,તેમ જાગૃત અવસ્થામાં પણ અનેકમાં એક જ છે.એવો જ્ઞાની પુરુષોનો અનુભવ છે. દાગીનાના આકાર ભિન્ન હોવા છતાં સર્વમાં એક જ સોનું રહેલું છે.કિંમત પણ સોનાની મળે છે, આકારની નહીં. ઈશ્વર સિવાય બીજું જે કાંઈ દેખાય છે,તે સત્ય નથી.ઈશ્વર વિના બીજું દેખાય એ જ ઈશ્વર ની માયાછે.જે ન હોવા છતાં પણ દેખાય છેઅને ઈશ્વર સર્વમાં હોવા છતાં પણ દેખાતા નથી.એ જ માયાનું કાર્ય છે.તેને જમહાપુરુષો આવરણ અને વિક્ષેપ કહે છે.

સર્વનું મૂળ ઉપાદાન કારણ પ્રભુ સત્ય છે અને પ્રભુમાં ભાસે તે સંસાર અસત્ય છે, પરંતુ માયાથી ભાસે છે.

માયાની બે શક્તિઓ છે:આવરણ શક્તિ અને વિક્ષેપ શક્તિ. માયાની આવરણ શક્તિપરમાત્મા ને ઢાંકી રાખે છે.માયાની વિક્ષેપ શક્તિ ઈશ્વરમાં જગતનો ભાસ કરાવે છે. જેમ અંધારામાં દોરડાને બદલે સાપ દેખાય. જે ન હોય તે દેખાય અને જે હોય તે ન દેખાય. પોતાના સ્વરૂપનું વિસ્મરણએ માયા છે. એ સ્વપ્ન છે. સ્વપ્ન જેને દેખાય છે તે જોનારો સાચો છે. સ્વપ્નમાં એકજ પુરુષ છે પણ દેખાય છે બે.એ જાગી જાય છે ત્યારે એને ખાતરી થાય છેકે હું ઘરમાં પથારીમાં સૂતો છું. સ્વપ્નનો પુરુષ જુદો છે. તેમ આ જગતમાં બ્રહ્મ તત્ત્વ એક જ છે, પણ માયાને લીધે અનેક તત્ત્વ ભાસે છે. માયા અનાદિ છે.માયા એટલે અજ્ઞાન અજ્ઞાન કયારથી શરૂ થયું તે જાણવાની શું જરૂર છે? માયા જીવને ક્યારથી વળગી એનો વિચાર કરવો નહીં.કપડાં ઉપર ડાઘ પડયો હોય તો તે શાથી પડ્યો ક્યારે પડેલો? કેમ કરતાં પડ્યો? કઈ શાહી હશે? વગેરે વિચાર કરવાને બદલે પડેલો ડાઘ તરત દૂર કરવો એ જ હિતાવહ છે. તેવી રીતે માયાનો વિચાર કરવા કરતાં માયાના પતિ પરમાત્માને શરણે જવું એ જ કર્તવ્યમય છે. સુદામાએ એક વખત શ્રીકૃષ્ણ પાસે માગણી કરી કે,મારે તમારી માયાનાં દર્શન કરવાં છે. શ્રીકૃષ્ણે કહ્યું,સમય આવે દર્શન કરાવીશ. ચાલો,પહેલાં ગોમતીમાં સ્નાન કરવા જઈએ.ભગવાન સ્નાન કરી પીતાંબર પહેરેછે.સુદામાએ ગોમતીના જળમાં ડૂબકી મારી, ત્યારે પ્રભુએ પોતાની માયા બતાવી સુદામાને લાગ્યું, ગોમતીજીમાં પૂર આવ્યું છે. તે પોતે તણાતાં જાય છે. માંડ માંડ તરીને એક કિનારે આવ્યા ત્યાં એક ગામ હતું.ગામમાં પેસતાં એક હાથણીએ તેમના ગળામાં ફૂલની માળા પહેરાવી. લોકોએ સુદામાને કહ્યું:અમારા દેશ ના રાજા મૃત્યુ પામેલા છે. આ ગામ નો કાયદો છે કે,રાજાના મૃત્યુ બાદ આ હાથણી જેને માળા પહેરાવે તે રાજા થાય.માટે તમે અમારા રાજા સુદામા રાજા બન્યા એક રાજ કન્યા સાથે તેમનું લગ્ન થયું. બાર વર્ષ સંસાર ચાલ્યો. બાર પુત્રો થયા તેવામાં રાણી એક દિવસ માંદી પડી અને મૃત્યુ પામી. સુદામા રડવા લાગ્યા. લોકો કહે, તમે રડો નહીં.અમે તમને વિયોગ માં દુ:ખી નહીં થવા દઈએ તમારી પત્ની જ્યાં ગઈ છે ત્યાં તમને પણ મોકલીશું. એટલે કે પત્ની સાથે તમારે પણ અગ્નિમાં પ્રવેશ કરવો પડશે. હવે સુદામા પત્ની માટે રડવાનું ભૂલી ગયા, ને પોતા માટે રડવા લાગ્યા. પછી તે લોકોને કહે છે,મને એક વખત સ્નાન- સંધ્યા કરી લેવા દો.પછી મને સતો કરજો તે સ્નાન કરવા ગયા. ચાર પુરુષો તેની ચોકી કરતા ઊભા કે નાસી ન જાય.સુદામા ખૂબ ગભરાયા. ગભરાટમાં પ્રભુને યાદ કરે છે.રડતાં રડતાં સુદામા નદી માંથી બહાર આવ્યા.ભગવાન હજી તો પીતાંબર પહેરી રહ્યા હતા ભગવાન પૂછે છે,તું કેમ રડે છે?સુદામાએ બધી વાત કરી ત્યારે ભગવાન કહે,આનું નામ મારી માયા માયા એટલે વિસ્મરણ ન હોય અને બતાવે એ માયા. માયાના ત્રણપ્રકાર છે: સ્વમોહિકા, સ્વજનમોહિકા, વિમુખજનમોહકા બ્રહ્મદૃષ્ટિ સતત રાખે તેને માયા પકડી શકે નહીં.માયા જીવનને વળગી છે એ તત્ત્વદષ્ટિથી સાચું નથી.માયા નર્તકી છે.તે બધાને નચાવે છે નર્તકી માયાના મોહમાં થી છૂટવું હોય તો નર્તકી શબ્દ ઊલટાવો એટલે થશે કીર્તન. કીર્તન કરો એટલે માયા છૂટશે. કીર્તન ભક્તિ માં દરેક ઈન્દ્રિયને કામ મળે છે. તેથી મહાપુરુષોએ કીર્તન ભક્તિને શ્રેષ્ઠ માની છે.

માયાને તારવા માયા જેની દાસી છે એ માયાપતિ પરમાત્માને જ પામવા પ્રયત્ન કરો. માયાના ત્રાસ માંથી છૂટવું હોયતો માધવ રાયને શરણે જવું. ભગવાન કહે છે કે, જે મારે શરણે આવે છે તે જ આ દસ્તુર માયાને તરી જાય છે. તેથી મનુષ્ય માત્ર સદા, સર્વત્ર ભગવાન શ્રીહરિનું જ પૂરા દિલથી શ્રવણ, કીર્તન-સ્મરણ કરવું.આવરણ અને વિક્ષેપ એ માયાની બે શક્તિ ઓ છે.બંને શક્તિઓ ઈશ્વરને ઢાંકે છે, છૂપાવે છે. તત્ત્વદષ્ટિથી જોતાં જગત નથી,છતાં આવરણ અને વિક્ષેપને લીધે જગત સત્ય ભાસે છે. સ્વપ્નમાં દૃષ્ટાને સ્વપ્ન સાચું લાગે છે. સ્વપ્નાવસ્થા એટલે અજ્ઞાનાવસ્થા અને જાગૃતાવસ્થા એટલે જ્ઞાનાવસ્થા. સ્વપ્નનો સંસાર સાચો નથી છતાં જીવને સુખદુ:ખ કરે છે,એમ માયાનું જગત સાચું નથી,છતાં જીવને સુખદુ:ખ કરે છે. જાગેલાને ભગવાન મળે છે, સૂતેલાને સંસાર મળે છે. સંસારમાં જાગેલો તે છે જેને સંસારમાં સુખ તુચ્છ લાગ્યું છે અને જેને સંસારનાં બધાં સુખો મીઠાં લાગે છે તે સૂતેલો જ છે. માયાનો આરંભ નથી કે અંત પણ નથી.કારણ કેએ પોતે જ ખોટી છે પણ જાગ્યા પછી સ્વપ્નનો જેમ અંત આવે છે તેમ જ્ઞાન થયા પછી માયાનો અંત આવે છે.અજ્ઞાન અનાદિ છે, પણ અજ્ઞાનનો અંત આવી શકે છે.માયા હંમેશ ગાફેલ ને મારે છે. સાવધાનને એ મારી શકતી નથી. માયા એ છાયા જેવી છે.તમે દીવા ની સામે ઊભા રહેશો તો છાયા તમારી પાછળ રહેશે, પણ દીવા તરફ પૂંઠ કરીને ઊભા રહેશો તો છાયા તમારી સામે રહેવાની. એમ જીવ પરમાત્માની સામે રહે તો માયા પાછળ રહેવાની,પણ પરમાત્માને ભૂલી તેમની સામે પૂંઠ કરીને રહે તો માથા સામે આવીને ઊભી રહેવાની.

ભગવાને બ્રહ્માજીને જે ચતુ: શ્લોકી ભાગવતનો ઉપદેશ કર્યો,તે બ્રહ્મા જીએ નારદને કર્યો. નારદે વ્યાસજીને કર્યો અને વ્યાસ જીએ એના પરથી અઢાર હજાર શ્લોકો વાળું ભાગવતશાસ્ત્ર રચ્યું.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત દેશમાં રાજકારણને પહેલગામ પર્યટકો પર આતંકવાદી હુમલા બાદ સિંદુરના રંગ પછી એવો આઘાત લાગ્યો છે કે અમે જે ઈચ્છતા હતા તેવો પ્રજાનો દરવખત જેવો માહોલ સહકાર મળ્યો નથી તો તેના માટે કંઈક તો ચાલુ રાખવું પડશે નહિતર આ દેશની આઝાદ પ્રજાને આપણા પોલમપોળની ખબર પડી જશે અને તેવું થાય તો ગુજરાત તો જાય પણ દેશમાં જે અંધ ભક્તિ ફેલાઈ છે તેની હવા નીકળી જાય તે ક્યારેય ચલાવી લેવાય નહિ આ પ્રજા પાકિસ્તાન ભારત હિન્દુ મુસલમાનના શબ્દોથી જ અંકુશમાં રહે છે તે ભૂલવું ન જોઈએ..વાચક મિત્રો તમે અંધ ભક્ત નથી તો આ બધું સમજો જ છો.બાકી જે અંધ ભક્ત છે તે તો રહેવાના જ કારણકે કળયુગ છે આજે આપણે અહીં અટકીએ ભારત માતા કી જય વંદે માતરમ્ અસ્તુ.

### ફિરોઝ ખાન પાકિસ્તાન ગયા અને ભારતની પ્રશંસા કરી

# ફિરોઝ ખાને જાહેરમાં પાકિસ્તાનને તેની ઔકાત બતાવી દીધી હતી

## ફિરોઝ ખાન માત્ર એક મહાન અભિનેતા જ નહોતા, પરંતુ એક તેજસ્વી દિગ્દર્શક અને નિર્માતા પણ હતા



ફિરોઝ ખાન બોલિવૂડમાં પોતાની સ્પષ્ટવક્તા અને પ્રભુત્વ માટે પ્રખ્યાત હતા. આ અભિનેતા એકવાર પાકિસ્તાન ગયા અને તેને તેનું સ્થાન બતાવ્યું. જે બાદ પાડોશી દેશે અભિનેતા પર પ્રતિબંધ મૂક્યો. ૨૨ એપ્રિલના રોજ પહાગામ આતંકવાદી હુમલામાં ૨૬ નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા હતા. આ ઘટનાએ આખા દેશને હચમચાવી નાખ્યો હતો અને દરેક વ્યક્તિ પાકિસ્તાન સામે કડક કાર્યવાહીની માંગ કરી રહી હતી. ત્યારબાદ, પહેલગામ આતંકવાદી હુમલાનો યોગ્ય જવાબ આપતા, ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર દ્વારા પાકિસ્તાન અને પીઓકેમાં ઘણા આતંકવાદી ઠેકાણાઓનો નાશ કર્યો. હાલમાં ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો ખૂબ જ તણાવપૂર્ણ છે. આવી સ્થિતિમાં ભારતમાં પાકિસ્તાની કલાકારો પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ બધા વચ્ચે,એક રસપ્રદ વાત કરવી છે કે બોલિવૂડના એક શક્તિશાળી હીરોએ પાકિસ્તાન જઈને તેને બધાની સામે તેનું સ્થાન બતાવ્યું. આ પછી, ગુસ્સાથી ભરેલા પાકિસ્તાને અભિનેતાના પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યો.આપણે જે અભિનેતા વિશે વાત કરી રહ્યા છીએ તે બીજું કોઈ નહીં પણ ફિરોઝ ખાન હતા. ફિરોઝ ખાન માત્ર એક મહાન અભિનેતા જ નહોતા, પરંતુ એક તેજસ્વી દિગ્દર્શક અને નિર્માતા પણ હતા. તેઓ તેમની સ્પષ્ટવક્તા માટે પણ ખૂબ પ્રખ્યાત હતા. પાકિસ્તાનમાં તેમનું વર્ચસ્વ દર્શાવતી એક ઘટના પણ ખૂબ પ્રખ્યાત છે. આ વાત ૨૦૦૬ ની છે. ફિરોઝ ખાન પોતાના ભાઈ અકબર ખાનની ફિલ્મ તાજમહેલના પ્રમોશન માટે પાકિસ્તાન ગયા હતા. અહીં લાહોરમાં, એક સભા દરમિયાન, ફિરોઝ ખાને ભારતની ખૂબ પ્રશંસા કરી હતી અને પાકિસ્તાનને તેનું સ્થાન બતાવ્યું હતું. પાકિસ્તાનમાં ફિરોઝ ખાનના કાર્યક્રમ દરમિયાન તેમની અને ગાયક અને એન્કર ફખર-એ-આલમ વચ્ચે ઉગ્ર દલીલ થઈ હતી. આ પછી અભિનેતાએ કહ્યું હતું કે, “મને ભારતીય હોવાનો ગર્વ છે. ભારત એક ધર્મનિરપેક્ષ દેશ છે. ત્યાં મુસ્લિમો ખૂબ પ્રગતિ કરી રહ્યા છે. આપણા રાષ્ટ્રપતિ મુસ્લિમ છે, વડા પ્રધાન શીખ છે. પાકિસ્તાન ઈસ્લામના નામે બનાવવામાં આવ્યું હતું, પરંતુ જુઓ કે મુસ્લિમો કેવી રીતે એકબીજાને મારી રહ્યા છે. હું અહીં મારી જાતે આવ્યો નથી. મને અહીં આવવાનું આમંત્રણ આપવામાં આવ્યું હતું. આપણી ફિલ્મો એટલી શક્તિશાળી છે કે તમારી સરકાર તેમને લાંબા સમય સુધી રોકી શકતી નથી. ફિરોઝ ખાનના આ નિવેદન બાદ પાકિસ્તાનમાં ઘણો વિવાદ થયો હતો. ફખર-એ-આલમ અને બીજા ઘણા લોકો બોલિવૂડ અભિનેતા દ્વારા જાહેર સભામાં પાકિસ્તાનનું અપમાન કરવામાં આવ્યું તે પચાવી શક્યા નહીં. બાદમાં જનરલ પરવેઝ મુશર્રફે ફિરોઝ ખાનને પાકિસ્તાનમાં પ્રવેશવા પર પ્રતિબંધ મૂક્યો હતો. તેમણે ભારતમાં પાકિસ્તાની હાઈ કમિશનરને નિર્દેશ આપ્યો હતો કે તેઓ અભિનેતાને પાકિસ્તાની વિઝા ન આપે.

# ઇબ્રાહિમ અલી ખાનને સાંભળવામાં અને બોલવામાં ઘણી તકલીફ

## ઇબ્રાહિમને બોલવામાં તકલીફ પડતી હતી પણ તેના માતા પિતાએ તેને ઇંગ્લેન્ડની એક બોર્ડિંગ સ્કૂલમાં મોકલ્યો



ઈબ્રાહિમ અલી ખાનને સાંભળવામાં અને બોલવામાં તકલીફ છે, તેમણે કહ્યું- તેમને જન્મતાની સાથે જ કમળો થયો હતો જેની મગજ પર અસર પડી હતી.તે હજુ પણ કોચ અને થેરાપિસ્ટની મદદ લઈ રહ્યો છે. તેણે જણાવ્યું કે તેને જન્મતાની સાથે જ કમળો થવાને કારણે આ સમસ્યા થઈ હતી.ઈબ્રાહિમ અલી ખાને સમજાવ્યું કે તેમની સાંભળવાની અને બોલવાની ક્ષમતા પર કેવી અસર પડી. સૈફના દીકરાએ કહ્યું, ‘મારો જન્મ થતાં જ મને ખૂબ જ ખરાબ કમળો થયો અને તે સીધો મારા મગજના સ્ટેમમાં ગયો.’ મારો અવાજ અને સાંભળવાની ક્ષમતા લગભગ ખતમ થઈ ગઈ હતી. હું બાળપણથી જ મારી સ્પીચ પર કામ કરી રહ્યો છું, કોચ અને થેરાપિસ્ટની મદદ લઈ રહ્યો છું. આ સંપૂર્ણ નથી. હું હજુ પણ તેના પર સખત મહેનત કરી રહ્યો છું.ઈબ્રાહિમને બોલવામાં તકલીફ પડતી હતી પણ તેના માતાપિતાએ તેને ઈંગ્લેન્ડની એક બોર્ડિંગ સ્કૂલમાં મોકલ્યો. ઈબ્રાહિમ માને છે કે આનાથી તેમના વ્યક્તિત્વમાં ઘડતર થયું. ઈબ્રાહિમે કહ્યું, ‘એક ભારતીય હોવાને કારણે ફિટ રહેવું મુશ્કેલ હતું પણ તે મારા જીવનના શ્રેષ્ઠ ચાર વર્ષ હતા.’ હું રમતો રમ્યો, નવા મિત્રો બનાવ્યા અને ઘણું શીખ્યો. તે સમયે, મારી વાણીની સમસ્યા ખૂબ જ ગંભીર હતી અને હું એવી જગ્યાએ પહોંચી ગયો જ્યાં મારે ટકી રહેવું પડ્યું. ઈબ્રાહિમ આગળ સમજાવે છે, ‘હું આ કોઈ ધનવાન બગડેલા છોકરાની જેમ નથી કહી રહ્યો, પણ જ્યારે તમે ૧૪ વર્ષના હોવ ત્યારે બોર્ડિંગ સ્કૂલ સરળ નથી.’ તે ખૂબ જ કડક હતું. છતાં તેણે મારા પાત્રને આકાર આપ્યો અને જીવન પ્રત્યેનો મારો દૃષ્ટિકોણ બદલી નાખ્યો.ઈબ્રાહિમ અલી ખાને ખુશી કપૂરની સાથે ફિલ્મ નાદાનિયાથી ડેબ્યૂ કર્યું હતું. બંને કલાકારોને તેમના અભિનય માટે ઘણી ટીકાઓનો સામનો કરવો પડ્યો. ઈબ્રાહિમના દાદી શર્મિલા ટાગોરે પણ કહ્યું હતું કે ફિલ્મ એટલી સારી નહોતી. તેમણે ઈબ્રાહિમના પ્રયાસોની પ્રશંસા કરી. શર્મિલાએ કહ્યું હતું કે, ‘ફિલ્મ સારી નહોતી પણ તે ખૂબસૂરત દેખાતો હતો.’

## લંડનના સુપ્રસિદ્ધ વેક્સ મ્યુઝિયમમાં રામચરણનું સ્ટેચ્યુ મુકવામાં આવ્યું



દક્ષિણના સ્ટાર રામ ચરણે તેનાં માતા પિતા ચિરંજીવી અને સુરેખા, પત્ની ઉપાસના અને તેમનાં ક્યૂટ પાલતું કૂતરા રાયમ સાથે લંડનનાં મેડમ તુસાદ વેક્સ મ્યુઝિયમમાં તેનાં મીણના પૂતળાનું અનાવરણ કર્યું હતું. ટોલીવૂડ સ્ટાર રામચરણે લંડનના મેડમ તુસાદ વેક્સ મ્યુઝિયમમાં પોતાના મીણના પૂતળાનું અનાવરણ કર્યું હતું. આ પ્રસંગે તેમના માતા પિતા ચિરંજીવી અને સુરેખા, પત્ની ઉપાસના અને તેમના પેટ ડોગ રાઈમ પણ ઉપસ્થિત રહ્યા હતા.મ્યુઝિયમમાં જતાં પહેલાં લંડનના માર્ગો પર હજારો ચાહકોએ રામચરણનું જોરદાર સ્વાગત કર્યું હતું. થોડા દિવસો બાદ મેડમ તુસાદ સિંગાપોર ખાતે તેમનું મીણનું પૂતળું કાયમી ધોરણે મૂકવામાં આવશે. રામ ચરણ વિશ્વનો પહેલો એવો અભિનેતા છે કે જેણે પોતાનો પાલતું કૂતરો તેની મીણની પ્રતિમામાં રાખ્યો છે. અનાવરણ દરમિયાન રામચરણે ફોટોગ્રાફર્સને તેના પેટ ડોગ સાથે પોઝ આપ્યો હતો. ડોગ રાઈમની ક્યુટનેસે લોકોનું દિલ જીતી લીધું હતું. વર્ક ફ્રંટની વાત કરીએ તો, પાન ઈન્ડિયા સ્ટાર રામ ચરણ લંડનથી પરત ફર્યા બાદ પોતાની ફિલ્મ “પેદ્દી”નું શૂટિંગ ફરી શરૂ કરશે. આ ફિલ્મમાં શિવા રાજકુમાર, જાન્હવી કપૂર અને દિવ્યેન્દુ શર્મા પણ મુખ્ય ભૂમિકામાં છે.આ ફિલ્મનું દિગ્દર્શન બુચી બાબુ સનાએ કર્યું છે અને ફિલ્મનું સુરીલું સંગીત એ.આર.રહેમાને આપ્યં છે. આ ફિલ્મ પહેલા રામ ફિલ્મ ‘ગેમ ચેન્જર’માં જોવા મળ્યા હતા. આ ફિલ્મમાં તેની સાથે કિયારા અડવાણીની જોડી હતી.

### ઘણા સેલેબ્સ પણ રેડ કાર્પેટ પર દેખાશે

# કાન ફિલ્મ ફેસ્ટિવલમાં ડેબ્યૂ કરશે આલિયા ભટ્ટ અને જાહ્નવી કપૂર





કાન ફિલ્મ ફેસ્ટિવલ એ વિશ્વના સૌથી પ્રતિષ્ઠિત ફિલ્મ ફેસ્ટિવલમાંનો એક છે જ્યાં વિશ્વભરની બેસ્ટ ફિલ્મો પ્રદર્શિત થાય છે. છેલ્લા ૭૮ વર્ષથી, કાન ફિલ્મ ફેસ્ટિવલ ફ્રાન્સના કાન શહેરમાં યોજાય છે. બોલિવૂડ પણ આ ફેસ્ટીવલ પર પ્રભુત્વ ધરાવે છે. દર વર્ષે બોલિવૂડ સેલિબ્રિટી રેડ કાર્પેટ પર વોક કરે છે અને બોલિવૂડ ફિલ્મોનું પણ સ્ક્રીનિંગ થાય છે. એવામાં હવે આ વખતે આ અભિનેત્રીઓ ડેબ્યૂ કરવા જઈ રહી છે.આ વર્ષે કાન ફિલ્મ ફેસ્ટિવલમાં ડેબ્યૂ કરવા જઈ રહેલી અભિનેત્રી નિતાંશી ગોયલ છે. લાપતા લેડીઝમાં ફૂલ કુમારીની ભૂમિકા ભજવીને પ્રખ્યાત થયેલી ૧૭ વર્ષની નિતાંશી પહેલી વાર કાનના રેડ કાર્પેટ પર વોક કરતી જોવા મળશે. તે કાન ફેસ્ટીવલમાં ડેબ્યૂ કરનારી સૌથી નાની ઉંમરની અભિનેત્રી છે. મેટ ગાલા અને લોરિયલ પેરિસ જેવા ફેશન ઈવેન્ટ્સમાં ભાગ લઈ ચૂકેલી આલિયા ભટ્ટ હવે કાન ફેસ્ટીવલમાં પણ ભાગ લેશે. તાજેતરમાં, અભિનેત્રીએ મીડિયા સાથેની વાતચીતમાં ખુલાસો કર્યો કે તે આ વખતે કાન ફેસ્ટીવલમાં ડેબ્યૂ કરશે. ઐશ્વર્યા રાય બચ્ચન એક કે બે વર્ષથી નહીં પરંતુ છેલ્લા ૨૦ વર્ષથી કાન ફિલ્મ ફેસ્ટિવલનો ભાગ રહી છે. આ વખતે પણ તે પોતાની સ્ટાઈલથી રેડ કાર્પેટનું આકર્ષણ વધારશે.જાહ્નવી કપૂર પણ તેની ફિલ્મ હોમબાઉન્ડના ગ્લોબલ પ્રીમિયર સાથે કાન્સમાં ડેબ્યૂ કરશે. આ ફિલ્મમાં તેની સાથે ઈશાન ખટ્ટર અને કરણ જોહર કાન ફિલ્મ ફેસ્ટીવલમાં ભાગ લેશે, તેમજ તેમની ફિલ્મ હોમબાઉન્ડનું કાન ફેસ્ટીવલમાં સ્ક્રીનિંગ પણ થશે. આ ઉપરાંત શર્મિલા ટાગોર સત્યજીત રેની ક્લાસિક ફિલ્મ અરન્યેર દિન રાત્રીના સ્ક્રીનિંગમાં હાજરી આપશે. તેમજ ઉર્વશી રૌતેલા અને પાયલ કાપડિયા પણ કાન ફિલ્મ ફેસ્ટિવલમાં ભાગ લેશે. પાયલ જ્યુરી સભ્યોમાંથી એક છે. જણાવી દઈએ કે કાન ૧૩ મેથી શરૂ થશે અને ૨૪ મે સુધી ચાલુ રહેશે.

## માહિરા-માવરા ફિલ્મોના પોસ્ટરમાંથી પણ ગાયબ



ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા તણાવને કારણે, બોલિવૂડમાં બોલિવૂડ કલાકારો પર સંપૂર્ણ પ્રતિબંધ છે. અલી ફઝલ, માહિરા ખાન, ફવાદ ખાન, હાનિયા આમિર અને માવરા હોકેન સહિત ઘણા પાકિસ્તાની કલાકારોના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ હવે ભારતમાં ખુલતા નથી. પાકિસ્તાની કલાકારોના ગીતો અને ફિલ્મો પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તાજેતરમાં, ફવાદ ખાનની નવી બોલિવૂડ ફિલ્મ ‘અબીર ગુલાલ’ પર ભારે હોબાળો થયો હતો. તમને જણાવી દઈએ કે હવે પાકિસ્તાની કલાકારોને તેમની બોલિવૂડ ફિલ્મોના પોસ્ટર પરથી હટાવી દેવામાં આવ્યા છે. તે જ સમયે, મ્યુઝિક એપ્સે પણ આ કલાકારો સામે કડક કાર્યવાહી કરી છે.ઘણી બધી મ્યુઝિક એપ્સ એવી છે જ્યાં પાકિસ્તાની કલાકારોના ફોટા દૂર કરવામાં આવ્યા છે. તમને જણાવી દઈએ કે હર્ષવર્ધન રાણેની ફિલ્મ ‘સનમ તેરી કસમ‘, શાહરૂખ ખાનની ફિલ્મ ‘રઈસ’ અને આલિયા ભટ્ટની ‘કપૂર એન્ડ સન્સ’ ના ગીતો આ એપ્સ પર ઉપલબ્ધ છે. અગાઉ, પાકિસ્તાની કલાકારો માવરા હોકેન, માહિરા શર્મા અને ફવાદ ખાન એપના ગીતોમાં જોવા મળતા હતા, પરંતુ હવે તેમના બધા નિશાન ભૂંસાઈ ગયા છે.તાજેતરમાં, ભારત સરકાર તરફથી પણ ઓટીટી પ્લેટફોર્મ પરથી પાકિસ્તાની સામગ્રી દૂર કરવા માટે સૂચનાઓ મળી હતી. ગયા અઠવાડિયે ભારતે પહેલગામમાં થયેલા હત્યાકાંડ માટે પાકિસ્તાનને જવાબ આપ્યો હતો. ભારતે હવાઈ હુમલા દ્વારા પાકિસ્તાનના ઘણા આતંકવાદી ઠેકાણાઓનો નાશ કર્યો. પાકિસ્તાની કલાકારોએ આના પર હોબાળો મચાવ્યો અને તેને કાયરતાની નિશાની ગણાવી.

## શાહરૂખ-સુહાનાની ફિલ્મ કિંગમાં અનિલ કપૂરની પણ એન્ટ્રી



શાહરૂખ ખાન પુત્રી સુહાના ખાનની કારકિર્દી પાટે ચડાવવા માટે ફિલ્મ ‘કિંગ’ની તૈયારી કરી રહ્યો છે. હવે આ ફિલ્મને લઈને અપડેટ છે કે, અનિલ કપૂરે આ ફિલ્મમાં એન્ટ્રી લીધી છે. અનિલ કપૂર આ ફિલ્મમાં શાહરૂખના ગુરુના રોલમાં જોવા મળશે. ફિલ્મમાં શાહરૂખ ખાન, સુહાના ખાન ઉપરાંત દીપિકા પદુકોણ, અભિષેક બચ્ચન, અર્શદ વારસી પણ કામ કરી રહ્યા છે.આ ફિલ્મને ૨૦૨૬ના અંતમાં રીલિઝ કરવાની યોજના છે. કહેવાય છે કે, આ ફિલ્મ એક ફ્રેન્ચ ફિલ્મની રીમેક છે. એક વાત એવી પણ છે કે, ભૂતકાળમાં આ જ ફ્રેન્ચ ફિલ્મ પરથી બોબી દેઓલ, રાણી મુખર્જી અને આશિષ વિદ્યાર્થીની ફિલ્મ ‘બિચ્છુ’ બની ચૂકી છે. ફિલ્મ કિંગનું શૂટિંગ આ મહિનાની ૨૦ તારીખથી મુંબઈમાં શરૂ કરવામાં આવશે. યૂરોપમાં પણ ફિલ્મની ટીમ શૂટિંગ માટે જવાની છે.

### મિથુન ચક્રવર્તીના પુત્રની આપવીતી

## બોલિવૂડે મારા માતા અને પિતાની મજાક ઉડાવી : મિમોહ



બોલિવૂડમાં એકથી એક શાનદાર પાત્ર ભજવી પોતાની કારકિર્દીને સફળ બનાવનારા મિથુન ચક્રવર્તીના દીકરાએ પણ બોલિવૂડમાં ડેબ્યૂ કર્યુ હતું. પરંતુ, તેને સફળતા ન મળી. ફિલ્મોની અસફળતાના કારણે તેને ખૂબ ટીકાઓનો સામનો કરવો પડ્યો હતો. આ ટીકાઓની વચ્ચે અમુક લોકોએ મિમોહ સાથે તેના માતા-પિતાની પણ મજાક ઉડાડવામાં આવી હતી. હાલમાં જ એક ઈન્ટરવ્યુમાં મિમોહ ચક્રવર્તીએ પોતાના કરિયર અને પર્સનલ લાઈફને લઈને વાતચીત કરી હતી. આ વાતચીતમાં તેણે જણાવ્યું કે, ‘જ્યારે હું ફિલ્મોમાં અસફળ રહ્યો તો લોકોએ મારા માતા-પિતાની મજાક કરવાની શરૂ કરી દીધી. મારા પિતાના કામનું કોઈ મજાક ન કરી શકે. જોકે, ઈન્ડસ્ટ્રીમાં અમુક લોકોએ મારા દ્વારા તેમની મજાક કરી હતી.

### નાગરિકતા પર ઉઠ્યા સવાલ

# સોની રાઝદાનના કર્યા આલીયાએ ભોગવવા પડ્યા



ભારત-પાકિસ્તાન તણાવ પર સોની રાઝદાનની પોસ્ટે વિવાદ ઉભો કર્યો છે. આ કારણે સોનીની પુત્રી અને અભિનેત્રી આલિયા ભટ્ટની વફાદારી અને નાગરિકતા પર પ્રશ્નો ઉભા થયા છે.બોલિવૂડ સ્ટાર આલિયા ભટ્ટની બ્રિટિશ નાગરિકતા પર ફરી એકવાર પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. હકીકતમાં, અભિનેત્રીની માતા સોની રાઝદાને ભારત અને પાકિસ્તાન વચ્ચે ‘યુદ્ધવિરામ‘ માટે અપીલ કરી હતી. જોકે, આ પોસ્ટ કરવી સોની માટે મોંઘી સાબિત થઈ અને લોકોએ તેને અને આલિયા ભટ્ટને ટ્રોલ કરવાનું શરૂ કરી દીધું.સોની રાઝદાને તેના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર લખ્યું હતું કે, “ટોચ પર શાંતિ અરજી પર સહી કરો. આ પોસ્ટ પછી, સોની અને આલિયા ટ્રોલર્સનું નિશાન બની ગયા છે. જે પછી સોનીએ તેની પોસ્ટ ડિલીટ કરી દીધી, પરંતુ નેટીઝન્સ હજુ પણ તેના પર ગુસ્સે છે, ઘણા તેની અને આલિયાની દેશ પ્રત્યેની વફાદારી પર સવાલ ઉઠાવી રહ્યા છે.સોનીની નવીનતમ ઈન્સ્ટાગ્રામ પોસ્ટ પર, એક યુઝરે લખ્યું, “જ્યારે શાંતિ એ આદર્શ ધ્યેય છે, ત્યારે એ સ્વીકારવું મહત્વપૂર્ણ છે કે ખરેખર સંઘર્ષને કોણ વેગ આપી રહ્યું છે. આપણા સૈનિકો કાળજીપૂર્વક લક્ષ્યાંકિત કામગીરી કરી રહ્યા છે જ્યારે બીજી બાજુ ખુલ્લેઆમ રહેણાંક વિસ્તારો પર હુમલો કરી રહ્યા છે અને નાગરિકોને મારી રહ્યા છે. સંદર્ભ વિના શાંતિ માટે અપીલ કરવી, ખાસ કરીને જ્યારે આપણા લોકો મરી રહ્યા છે અને આપણી સરહદોનું રક્ષણ કરી રહ્યા છે, તે જમીની વાસ્તવિકતાથી અલગ લાગે છે. ઉપરાંત, આ સંદેશ એવી વ્યક્તિ તરફથી આવી રહ્યો છે જેની પુત્રી વિદેશી નાગરિકતા ધરાવીને ભારતના તમામ વિશેષાધિકારોનો આનંદ માણી રહી છે, તે અખંડિતતા અને જવાબદારી અંગે ચિંતા ઉભી કરે છે.યુઝરને જવાબ આપતાં સોનીએ લખ્યું, “શાંતિ માટે મારી અપીલ ભારતને નહીં પણ પાકિસ્તાનને હતી. છેવટે, તેઓ જ આક્રમક છે. અમે ફક્ત બદલો લઈ રહ્યા છીએ અને તે સાચું છે. મને લાગે છે કે લોકોએ તારણો કાઢ્યા છે. ઉપરાંત, તે એક સામાન્યકૃત નિવેદન હતું. આશા છે કે તે સ્પષ્ટ થશે. હું પણ સ્વાભાવિક રીતે બીજા બધાની જેમ આઘાત પામી છું. યુદ્ધ એક ભયંકર વસ્તુ છે. જે કોઈ યુદ્ધમાંથી પસાર થયું છે તે કોઈના માટે આ ઈચ્છશે નહીં.આલિયા ભટ્ટ બ્રિટિશ નાગરિકતા ધરાવે છે. ભલે તેણીનો જન્મ અને ઉછેર ભારતમાં થયો હતો, તેની માતા સોની રાઝદાન બ્રિટિશ મૂળની છે અને તેનો જન્મ બ્રિટનમાં થયો હતો. આલિયા પાસે બ્રિટિશ પાસપોર્ટ છે, જે તેને તેની માતાની નાગરિકતાને કારણે મળ્યો છે.

# હિંમતનગર ખાતે જિલ્લા પંચાયત પ્રમુખશ્રીની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ યોજાયો

। સાબરકાંઠા, તા.૧૫ ।

સાબરકાંઠામાં હિંમતનગર સર્કિટ હાઉસ ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી ભારતીબેન પટેલની અધ્યક્ષતા તેમજ જિલ્લા વિકાસ અધિકારીશ્રી હર્ષદ વોરાની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ યોજાયો હતો.જેમાં ક્ષય મુક્ત જિલ્લાના ૩૫ ગામોને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.



આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે અંગ્રેજીમાં ટ્યુબરક્યુલોસિસ (TB) તરીકે ઓળખતો ક્ષય એ માનવીમાં થતો ઘાતક અને ચેપી રોગ છે. તે હવા દ્વારા ફેલાતો રોગ છે. આ રોગની સમયસર સારવાર ન કરવામાં આવે તો દર્દીનું મૃત્યુની શક્યતા વધી જાય છે.સરકારશ્રી તરફથીની-ક્ષય પોષણ યોજના અમલી છે. જે ટીબી દર્દીઓને પોષણ માટે આર્થિક સહાય પૂરી પાડે છે. કાર્યક્રમ દરમિયાન આરોગ્ય સમિતિના ચેરપર્સન શ્રીમતી અનસૂયાબેન ગામેતી જણાવ્યું હતું કે ક્ષય મુક્ત ભારત બનાવાની શરુઆત આપણે આપણા ઘરથી જ કરવી પડશે. આ સાથે ઉપસ્થિત સરપંચશ્રી, તલાટીશ્રી, તેમજ આરોગ્ય કેંદ્રના સ્ટાફને સંબોધીને જણાવ્યું હતું કે ક્ષય મુક્ત ગામ બનાવવા પ્રજાને માહિતગાર કરવાની સાથે ગામમાં જે વ્યક્તિમાં આ પ્રકારના લક્ષણો જોવા મળે તો તેમને યોગ્ય સારવાર મળે તેનુ ધ્યાન રાખવું આવશ્યક છે. આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી હર્ષદ વોરાએ જણાવ્યુ હતું કે નાગરિકોના સર્વાંગી વિકાસ માટે સરકાર શ્રી દ્વારા અનેક યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. જેનો ઉદ્દેશ નાગરિકોની સુખાકારીમાં વધારો કરવાનો છે. વર્તમાન સમયમાં જંક ફુડ ના વધુ પડતા સેવનથી લોકોનું આરોગ્ય જોખમાયુ છે. જેની અસર બાળકોમાં પણ જોવા મળે છે. આ પરિસ્થિતિને પહોંચી વળવા પ્રાકૃતિક કૃષિ આવશ્યક છે. આ કાર્યક્રમમાં હિંમતનગર તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી ભૂમિકાબેન પટેલ, સરપંચશ્રીઓ, જિલ્લા ક્ષય અધિકારીશ્રી ડૉ.ફાલ્ગુનીબેન સહિત તલાટીશ્રીઓ તેમજ આરોગ્યકેન્દ્રનો સ્ટાફ ઉપસ્થિત રહ્યાં હતા.

# ‘ઢાઈ આખર’ રાષ્ટ્રીય પત્રલેખન સ્પર્ધાના વિજેતાને પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ દ્વારા કરવામાં આવ્યા સન્માનિત

## ડિજિટલ યુગમાં યુવાઓમાં પત્રલેખનની પરંપરાને જીવંત રાખવી જરૂરી છે : પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવ

। અમદાવાદ, તા.૧૫ ।

આજના ઝડપી યુગમાં, જ્યાં સંદેશાવ્યવહાર મોટાભાગે ડિજિટલ પ્લેટફોર્મ તરફ વળી ગયો છે, પત્ર લખવાની કળા હજુ પણ જીવંત છે. પત્રો આપણા હ્રદયમાં એક ખાસ સ્થાન ધરાવે છે કારણ કે તે પોતાની સાથે યાદો, આત્મીયતા અને એક વ્યક્તિગત સ્પર્શ લઈને જાય છે જે ટેક્સ્ટ સંદેશાઓ કે ઈમેઈલ્સમાં જોવા મળતો નથી.આમ, ‘ઢાઈ આખર’ ઝુંબેશ ફક્ત પત્ર લખવાની કળાનો ઉત્સવ નથી, પરંતુ દેશભરના વ્યક્તિઓને અર્થપૂર્ણ અને હ્રદયસ્પર્શી રીતે તેમના વિચારો, લાગણીઓ અને મંતવ્યો વ્યક્ત કરવાની તક પણ પૂરીપાડેછે.ઉપરોક્તવિચારઉત્તર ગુજરાત તથા સૌરાષ્ટ્ર અને કચ્છ



પરિક્ષેત્ર ના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે અમરેલી મુખ્ય પોસ્ટ ઓફિસ ખાતે વ્યક્ત કર્યા. ભારતીય ડાક વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૪–૨૫માં આયોજિત ‘ઢાઈ ખર’ રાષ્ટ્રીય પત્રલેખન સ્પર્ધામાં લિફાફા શ્રેણીમાં ૧૮ વર્ષથી વધુ ઉંમરના વર્ગમાં અમરેલીના શ્રી જયકુમાર વાઈ. ગોલને સમગ્ર ગુજરાત પરિમંડલમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત થયા પર પોસ્ટમાસ્ટર જનરલે રૂા. ૧૦,૦૦૦નો ચેક અને પ્રમાણપત્ર સાથે સન્માનિત કર્યા. પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિ., લાઠી ખાતે જુનિયર આસિસ્ટન્ટ તરીકે કાર્યરત શ્રી જયકુમારે પત્રલેખનને એક શોખ તરીકે અપનાવ્યું છે અને આ સન્માનના હકદાર બન્યા છે. આ અવસરે અમરેલી મંડળના અધિક્ષક શ્રી બી. એન. પટેલ હાજર રહ્યા.

ઉલ્લેખનીય છે કે ડાક વિભાગ દ્વારા ‘લેખનનો આનંદ: ડિજિટલ યુગમાં પત્રોનું મહત્વ’ વિષય પર આયોજિત ‘ઢાઈ આખર’ રાષ્ટ્રીય પત્રલેખન સ્પર્ધા ૨૦૨૪-૨૫માં ગુજરાત પરિમંડલના અંતરદેશીય પત્ર શ્રેણી (૧૮ વર્ષ સુધીના વર્ગ) માં સુરેન્દ્રનગરની વૈષ્ણવીબા બી. પરમારે પ્રથમ, હીરલ આર. ભૂસડિયાએ દ્વિતીય અને નડિયાદની કિંજલ એલ. બારિયાએ તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું. ૧૮ વર્ષથી ઉપરના વર્ગમાં નવસારીની દિવ્યા સુરેશચંદ્ર પરમારે પ્રથમ, અમદાવાદના સલીમ હિંગોરાએ દ્વિતીય અને નવસારીની સાજી જોય ચક્કલિકલએ તૃતીય સ્થાન મેળવ્યું. લિફાફા શ્રેણીમાં ૧૮ વર્ષ સુધીના વય વર્ગના વિજેતાઓમાં ખેડાના ક્રિશા પી. કાછિયાપટેલ પ્રથમ, નવસારીની વિદ્યા પી. ધીમ્મર દ્વિતીય અને ખુશ્બુ એન. મિસ્ત્રીએ તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું. જયારે ૧૮ વર્ષથી ઉપરની શ્રેણીમાં રાજકોટના સુરેન્દ્રસિંહ બૈરવાએ પ્રથમ, અમરેલીના જયકુમાર વાઈ. ગોલે દ્વિતીય અને ડાંગની વિભૂતિબેન જે. બિરારીએ તૃતીય સ્થાન મેળવ્યું. આ સ્પર્ધાનું આયોજન સમગ્ર દેશમાં ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૪થી ૩૧ જાન્યુઆરી ૨૦૨૫ સુધી કરવામાં આવ્યું હતું.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે યુવાનોમાં ‘ઢાઈ આખર’ જેવી સ્પર્ધાઓ ડિજિટલ યુગમાં પણ પત્રલેખનની પરંપરાને જીવંત રાખે છે અને જનમાનસને આ ભાવનાત્મક માધ્યમ દ્વારા જોડે છે.

### “ચાલો કરીએ રકતદાન - મળશે કોઈને જીવતદાન”

# સામૂહિક આરોગ્ય કેન્દ્ર પેથાપુર ખાતે રક્તદાન કેમ્પ યોજાયો




તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૫ ।

દેશની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને રાખીને ઝાલોદ તાલુકાના સામૂહિક આરોગ્ય કેન્દ્ર, પેથાપુર ખાતે મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી અને તાલુકા હેલ્થ ઓફિસરશ્રીના માર્ગદર્શન હેઠળ ઝાયડસ મેડિકલ કોલેજ અને હોસ્પિટલની મોબાઈલ ડોનેશન વાનના સહયોગ થકી આ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમ્યાન મોટી સંખ્યામાં યુવાનોએ ભાગ લીધો હતો. રકતદાન કેમ્પમાં રક્તદાતાઓ દ્વારા સવારે ૧૦:૦૦ થી ૦૩:૦૦ વાગ્યા સુધીમાં કુલ ૨૭ જેટલી બોટલ બ્લડ ડોનેટ કરીને દેશ પ્રત્યેનો પ્રેમ અને રાષ્ટ્રભક્તિનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આ કેમ્પમાં તમામ રક્તદાતાઓ ઉત્સાહ પૂર્વક રકતદાન કરીને રાષ્ટ્રના રક્ષણમાં સહભાગી બન્યા હતા. જેમાં ગામના ઈ એક્સ આર્મી મેન ડામોર કમલેશભાઈ ગળ્યાભાઈએ પણ રકતદાન કરીને દેશની સેવામાં ફરીથી યોગદાન આપ્યું હતું.

આ રકતદાન કેમ્પમાં સામૂહિક આરોગ્ય કેન્દ્રના અધિક્ષક શ્રી ડૉ જીગ્નેશ ચારેલ દ્વારા તમામ રક્તદાતાઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

### ચાલો કરીએ રકતદાન મળશે કોઈને જીવતદાન

# સામૂહિક આરોગ્ય કેન્દ્ર મીરાખેડી ખાતે રક્તદાન કેમ્પ યોજાયો

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૫ ।

દેશની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને રાખીને ઝાલોદ તાલુકાના સામૂહિક આરોગ્ય કેન્દ્ર મીરાખેડી ખાતે માન.મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી અને તાલુકા હેલ્થ ઓફિસર શ્રી ના માર્ગદર્શન હેઠળ ઝાયડસ મેડિકલ કોલેજ અને હોસ્પિટલની મોબાઈલ ડોનેશન વાનના સહયોગ થકી આ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ રકતદાન કેમ્પમાં રક્તદાતાઓ દ્વારા સવારે ૧૦:૦૦ થી ૨:૦૦ વાગ્યા સુધીમાં કુલ ૧૪ જેટલી બોટલ બ્લડ ડોનેટ કરીને દેશ પ્રત્યેનો પ્રેમ અને રાષ્ટ્રભક્તિનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આ રક્તદાન



કેમ્પમાં તમામ રક્તદાતાઓ ઉત્સાહપૂર્વક રકતદાન કરીને રાષ્ટ્રના રક્ષણમાં સહભાગી બન્યા. આ રકતદાન કેમ્પ માં સામૂહિક આરોગ્ય કેન્દ્રના અધિક્ષક ડૉ પલક તાવિયાડ દ્વારા તમામ રક્તદાતાઓ ને ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા

# ઝાલોદ નગરના મુવાડા રામજી મંદિર ખાતે વિશ્વ શાંતિ માટે આનંદના ગરબાનું આયોજન કરાયું



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૫ ।

ઝાલોદ નગરના મુવાડા રામજી મંદિર ખાતે માઁ શક્તિ ગરબા મંડળ દ્વારા વિશ્વ શાંતિ માટે આનંદના ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ આનંદના ગરબા કરવાનો મુખ્ય ઉદ્દેશ જમ્મુ કાશ્મીરના પહલગામમા પાકિસ્તાન સમર્થિત ઈસ્લામીક આતંકવાદીઓ દ્વારા જે નિર્દોષ ૨૬ હિન્દુઓની હત્યા કરી હતી. તેમની આત્માની શાંતિ મળે તેમજ ભરાતે ઓપરેશન સિંદૂર અંતર્ગત પાકિસ્તાન સમર્થિત આતંકવાદીઓના કેમ્પો પર પાકિસ્તાનમાં ઘૂસી નેસ્તનાબૂદ કર્યા હતા તેને લઈ સીમા પર તેમજ ભારત દેશમાં યુદ્ધ થશે તેઓ માહોલ સર્જાયો હતો. જો યુદ્ધ થાય તો મોટી જાનહાનિ થાય તે ના થાય તે માટે મુવાડા પટેલ સમાજની આનંદના ગરબાની બહેનો દ્વારા સમગ્ર વિશ્વમાં વિશ્વશાંતિ સર્જાય તે માટે આનંદના ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. છેલ્લે મા શક્તિ ગરબા મંડળની બહેનો દ્વારા દેશના સૈનિકો માટે આદરભાવ પ્રગટ કરતા દેશ ભક્તિના ગીતો ની પણ રમઝટ બોલાવી હતી.

# મિશન સિંદુર - એક રક્તદાન દેશ કે નામ અંતર્ગત વિરમગામ ખાતે રક્તદાન કેમ્પ યોજાયો

। અમદાવાદ, તા.૧૫ ।

સરહદ પરની પ્રવર્તમાન સંજોગોને ધ્યાનમાં રાખીને શરૂ કરવામાં આવેલ ‘મિશન સિંદૂર - એક રક્તદાન દેશ કે નામ‘ અંતર્ગત સ્વામી વિવેકાનંદ ટાઉનહોલ, વિરમગામ ખાતે રક્તદાન શિબિર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. વિરમગામ તાલુકા વહીવટી તંત્ર દ્વારા આયોજિત રક્તદાન કેમ્પ માં મુખ્ય મહેમાન તરીકે ધારાસભ્ય હાર્દિક પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ રક્તદાન કેમ્પમાં ધારાસભ્ય હાર્દિક પટેલ, પ્રાંત અધિકારી વીરેન્દ્ર દેસાઈ, મામલતદાર મયુરધ્વજસિંહ રાઠોડ, તાલુકા પંચાયત પ્રમુખ જનકભાઈ પટેલ, હિતેશભાઈ મુનસરા,



તાલુકા વિકાસ અધિકારી, વિરમગામ ટાઉન તથા રૂરલ પીઆઈ સહિતના અગ્રણીઓએ પોતે રક્તદાન કરીને સૌનો ઉત્સાહ વધાર્યો હતો. આ બ્લડ ડોનેશન કેમ્પ માં વિવિધ સરકારી વિભાગોના અધિકારીઓ, કર્મચારીઓ, ચૂંટાયેલા પદાધિકારીઓ, રાજકીય આગેવાનો, સ્થાનિક કંપનીઓના અધિકારીઓ કર્મચારીઓ, વેપારીઓ, સામાજિક આગેવાનો સહિતના લોકોએ મોટી સંખ્યામાં સ્વૈચ્છિક રક્તદાન કર્યું હતું. ધારાસભ્ય હાર્દિક પટેલના હસ્તે રક્તદાતાઓને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા તૈયાર કરવામાં આવેલ પ્રમાણપત્ર અર્પણ કરવામાં આવ્યા હતા.

# વડોદરાની મહિલાઓ બનશે વધુ સક્ષમઃ જિલ્લાના કુલ ૭ પોલીસ બેઇઝ્ડ સપોર્ટ સેન્ટરથી ૧૭૭૪ પીડિત મહિલાઓને મળી મદદ

। વડોદરા, તા.૧૫ ।

ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા ઘરેલુ હિંસા સહિત અન્ય સમસ્યાઓથી અસરગ્રસ્ત અને જરૂરિયાતમંદ મહિલાઓ માટે કાઉન્સેલીંગ, માર્ગદર્શન અને સંસ્થાકીય મદદ પૂરી પાડવાના હેતુથી સમગ્ર રાજ્યમાં પોલીસ સ્ટેશન બેઈઝ્ડ સપોર્ટ સેન્ટર યોજના અમલમાં છે. જે અંતર્ગત વડોદરા જિલ્લામાં કુલ ૭ પોલીસ બેઈઝ્ડ સપોર્ટ સેન્ટરમાં અત્યાર સુધીમાં કુલ ૧૭૭૪ મહિલાઓ સક્ષમ બની છે.

આ સેન્ટર દ્વારા પોલીસ સ્ટેશનમાં રજૂ કરાયેલ મહિલા સંબધી કેસો અને પારિવારિક પ્રશ્નો બાબતે મહિલાલક્ષી કાઉન્સેલિંગ કરી સમાધાન, કાયદાકીય સલાહ અને માર્ગદર્શન પૂરી પાડવામાં આવે છે. વધુમાં જો ઘરેલુ હિંસા સંબધી કેસ દાખલ કરવાની જરૂરિયાત જણાય તો દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારી સાથે સંકલનમાં રહીને જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા વકીલની સહાય મેળવીને કોર્ટમાં કેસ રજૂ કરવામાં આવે છે.

રાજ્ય સરકારની આ પહેલ અંતર્ગત વડોદરા જિલ્લામાં કુલ ૧૭૭૪ મહિલાઓએ લાભ લેતા ખૂબ જ અસસકારક બની છે. જેમાં વર્ષ ૨૦૨૨-૨૩ માં કુલ-૫૦૬ અને વર્ષ ૨૦૨૩-૨૪ માં કુલ ૪૯૭ મહિલાઓએ સહાયતા મેળવી છે. જ્યારે વર્ષ ૨૦૨૪ થી મે ૨૦૨૫ સુધીમાં કુલ ૭૭૧ મહિલાઓએ પોલીસ બેઈઝ્ડ સપોર્ટ સેન્ટરનો લાભ લીધો છે.

# માત્ર 3 વર્ષની વયે તનિષા તાપસ યાદવનો વૈશ્વિક વિક્રમ

। વડોદરા, તા.૧૫ ।

જે વયે બાળકો બોલતા શીખે, તેવા સમયમાં વડોદરાની ત્રણ વર્ષની નાનકડી બાળકી તનિષા તાપસ યાદવે અદ્દભુત સિદ્ધિ હાંસલ કરી છે. તનિષાએ માત્ર ૨ મિનિટ ૩૯ સેકન્ડમાં ૧૦ હિંદૂ ધર્મમંત્રોનો પાઠ કરીને ઈન્ટરનેશનલ બુક ઓફ રેકોર્ડ્સમાં પોતાનું નામ નોંધાવ્યું છે. આ અનોખી સિદ્ધિ બદલ રેકોર્ડ કમિટીએ તનિષાને પ્રમાણપત્ર અને મેડલ આપી સન્માનિત કરી છે. તનિષાના જીવનમાં આ સિદ્ધિ વધુ મહત્વની બને છે કારણ કે તેણીએ પોતાના પિતાને ૧૧ મહિનાની ઉંમરે જ ગુમાવી દીધા. ત્યારબાદ તેની માતા નિશા યાદવે તેનો ઉછેર




કર્યો. નિશા યાદવ એક ખાનગી શાળામાં એક્ટિવિટી શિક્ષિકા તરીકે સેવા આપી રહી છે અને વિદ્યાર્થીઓને નૃત્ય તથા યોગ શીખવાડે છે.

તેણીએ તનિષાને દરરોજ રાત્રે સૂતા પહેલા મંત્રોના પાઠ શીખવવાનું શરૂ કર્યું હતું. સતત ચાર મહિના સુધીના અભ્યાસ પછી તનિષા મંત્રો સ્પષ્ટ અને ઝડપથી બોલવામાં સફળ બની. વિશ્વ રેકોર્ડ માટેના અરજી અંતર્ગત વિડિયો અને ફોટોગ્રાફના આધારે આ સિદ્ધિ મંજુર કરવામાં આવી. તનિષાની માતા નિશા યાદવે અગાઉ શિર્ષાસન સંબંધિત રેકોર્ડ બનાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ કેટલીક અડચણોને કારણે તે શક્ય ન બન્યું. ત્યારબાદ તેમણે તેમની પુત્રીને વિશ્વ વિક્રમ માટે તૈયાર કરવાનો નિર્ણય કર્યો.

નિશા માને છે કે બાળકાવસ્થામાં જ સંસ્કાર અને નૈતિક મૂલ્યોનો આધાર મૂકવો જોઈએ. તેથી મંત્રોના પાઠ દ્વારા તનિષામાં એકાગ્રતા અને આત્મવિશ્વાસ વિકસાવવામાં આવ્યો છે. તનિષાની સિદ્ધિથી ગર્વિત નિશા હવે તનિષાને ગિનિસ વર્લ્ડ રેકોર્ડ માટે તૈયાર કરી રહી છે.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજે તમારો માયાળુ સ્વભાવ આજે અનેક ખુશીભરી ક્ષણો લાવશે. આજે વધુ એક ઉચ્ચ-ઊર્જાયુક્ત દિવસ છે તથા અણધાર્યા લાભની શક્યતા છે. તમારા બાળકના એવોર્ડ સમારંભમાં આમંત્રણ આનંદનું કારણ બની શકે છે. તમારા સંતાનને તમારી અપેક્ષાઓ પર પાર ઉતરતા જોઈ તમારૂં સપનું સાકાર થઈ રહ્યું હોવાનું લાગશે. પ્રેમ પ્રકરણમાં તમને ખાટી રીતે લેવામાં આવે એવી સક્યતા છે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. તમે જો થોડા વધુ નાણાં મેળવવા માર્ગ શોધી રહ્યા હો તો-સુરક્ષિત આર્થિક યોજનાઓમાં રોકાણ કરો. અદભુત દિવસ જ્યારે તમે ઈચ્છો છો એટલું લોકોનું ધ્યાન તમને મળશે-તમારી સામે એટલી બધી બાબતો હશે અને તમાંથી કઈ બાબત હાથ ધરવી તેની મીઠી મૂમંઝવણ તમને થશે.




**મિથુન (ક,છ,ઘ) :**

આજે તમારા સ્વાસ્થ્યમાં સુધારાને લગતી પ્રવૃત્તિઓ ફરી શરૂ કરવા માટે શ્રેષ્ઠ દિવસ. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂં એવું ધન કમાઈ શકશો. ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે. આજે તમે કુદરતી સૌદર્ય દ્વારા અંજાઈ જાવ એવી શક્યતા છે. તમે જો કામ પર ધ્યાન કેન્દ્રિત કરશો તો- તમે તમારૂં ઉત્પાદન બમણું કરી શકશો.



**કર્ક (ડ,હ) :**

આજે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે. મિત્રો સાથે સાંજ અથવા શૉપિંગ આનંદદાયક તથા ઉત્સાહજનક રહેશે. જમીનને લગતા મોટા સોદા પાર પાડવાની સ્થિતિમાં તમે હશો તથા મનોરંજક પ્રૉજેક્ટમાં અનેક લોકોને સાંકળો.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે ખાસ કરીને તમારી તબિયત નું ધ્યાન રાખવું. પરિવારના સભ્યો તથા જીવનસાથી કેટલીક સમસ્યા સર્જશે. તમારૂં પ્રિયપાત્ર આજે તમારી માટે જીવંત દેવદૂત બનીને આવશે, દરેક ક્ષણને માણો. આગળ પડતા લોકો સાથે હળવા-મળવાથી તમારા સારા વિચારો અને યોજનાઓ બહાર આવશે. નિંદા-કૂથલી તથા અફવાઓથી દૂર રહો.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે સ્વરે કરવામાં આવેલ ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગમાં લઈ શકાય. જમીન અથવા કોઈ મિલકત માં નિવેશ કરવું તમારા માટે જીવલેણ હોઈ શકે છે જેટલું શક્ય હોય ત્યાં સુધી આ વસ્તુઓ માં નિવેશ કરવા થી બચો. પરિવારના સભ્યો તથા જીવનસાથી કેટલીક સમસ્યા સર્જશે. તમે ભૂતકાળ માં કાર્ય ક્ષેત્ર માં ઘણા કામ અધૂરા છોડી દીધા છે.



**તુલા (ર,ત) :**

આજે કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે. આજનો જ વિચાર કરીને જીવનના તમારા અભિગમને તથા મનોરંજન પાછળ વધુ પડતો સમય અને નાણાં ખર્ચવાના તમારા વલણ પર અંકુશ રાખો. તમે જો વધારે પડતા દયાળુપણ વર્તશા.



**વૃશ્ચિક (ન,ય) :**

આજે તમારા સ્વાસ્થ્ય વિશે ચિંતા કરવાની જરૂર નથી. તમારી આસપાસના લોકો તમારું મનોબળ તથા જુસ્સો વધારશે. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. સૌને તમારી મોટી પાર્ટી માટે બોલાવો-આજે તમારામાં એ વધારાની ઊર્જા હશે જે તમારા ગ્રુપ માટે કાર્યક્રમનું આયોજન કરવા પ્રેરશે.



**ધન (ભ,ધ,ફ) :**

આજે વિજયની ઉજવણી તમને અત્યંત આનંદ આપશે. તમારી ખુશીનો આનંદ લેવા માટે તમે આ ખુશી તમારા મિત્રો સાથે વહેંચી શકો છો. ખર્ચ વધશે પણ આવકમાં થતો વધારો તમારા ખર્ચને પહોંચી વળશે. તમારા વધુ પડતા ઉદાર સ્વભાવનો સંબંધીઓ ગેરફાયદો ઉપાડવાનો પ્રયાસ કરશે. તમારી જાત પર અંકુશ રાખો અન્યથા તમે છેતરાઈ શકો છો.



**મકર (ખ,જ) :**

આજે પરિવારમાં તમારો પ્રભુત્વવાળો અભિગમ બદલવાનો સમય પાકી ગયો છે. તેમની સાથે સંપૂર્ણ સહકારપૂર્વક કામ કરી જીવનના ચડાવ-ઉતાર તેમની સાથે શૅર કરો. તમારો બદલાયેલો અભિગમ તેમને અમર્યાદ આનંદ આપશે. પ્રપોઝ કર્યા બાદ તમને કદાચ જબરજસ્ત અનુભૂતિ થશે કેમ કે તેનાથી તમારા પરનો બોજો ઉતરી ગયાનું તમે અનુભવશો.



**કુંભ (ગ,શ,સ) :**

આજે તમારા માતા પિતા માં થી કોઈ તમને ધન ની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે, તમારે તે વાતો ઘણા ધ્યાન થી સાંભળવા ની જરૂર છે નહીંતર આવનારા સમય માં તકલીફ તમારેજ વેઠવવી પડશે? દિવસને અદભુત બનાવવા માટે પરિવારના સભ્યો તથા નિકટના મિત્રો સાથે ભેગા મળી મેળાવડો યોજો. જો તમને લાગે છે કે તમારો પ્રિયતમ તમારી વાત સમજી શકતો નથી.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. રિયલ એસ્ટેટમાં રોકાણ લલચાવનારૂં હશે. સાંજે અણધાર્યા મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે. પોતાના પ્રિયપાત્ર સાથે નાનકડું વૅકેશન માણી રહેલાઓ માટે આ સમયગાળો ખાસ્સો યાદગાર બની રહેશે. કેટલાક મહત્વના મુદ્દા સાથે કામ પાડવાની તમારી રીત કેટલાક સહ-કર્મચારીઓને નહીં.

# રખિયાલમાં ગેરકાયદેસર નમાજની જગ્યા સહિત ૨૦ દુકાનો-કારખાના પર તંત્રની કાર્યવાહી







। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

અમદાવાદમાં ચંડોળા તળાવમાં ડિમોલિશનની કાર્યવાહી બાદ હવે તંત્રએ રખિયાલમાં દબાણો હટાવ્યા છે. રખિયાલમાં ગુજરાત હાઉસિંગ બોર્ડની જગ્યામાં તંત્રનું બુલડોઝર ફરી મળ્યું છે. અહીં ગેરકાયદેસર બાંધકામ કરી ૨૦ જેટલા કારખાના અને નમાજ માટે બનાવવામાં આવેલી જગ્યા ધરાશાયી કરવામાં આવી છે. પોલીસ બંદોબસ્ત વચ્ચે ડિમોલિશનની કાર્યવાહી કરવામાં આવી છે. અમદાવાદના રખિયાલ વિસ્તારમાં આવેલા મોરારજી ચોકમાં ગુજરાત હાઉસિંહ બોર્ડની જગ્યામાં કોમન ઓપન પ્લોટમાં દુકાનો-કારખાના બનાવવામાં આવ્યા હતા. આ સિવાય ત્યાં નમાજ માટે પણ જગ્યા બનાવવામાં આવી હતી.

એએમસી દ્વારા આજે સવારથી અહીં દબાણ હટાવોની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. પોલીસ બંદોબસ્ત સાથે બુલડોઝર ચલાવી તમામ દુકાનો-કારખાના તોડી પડાયા છે. આ વિસ્તારમાં તંત્રએ ૨૦૦૮મા દબાણો હટાવ્યા હતા. પરંતુ ફરી ત્યાં દબાણો કરી લેવામાં આવ્યા હતા. અહીં કેટલાક લોકોએ ગેરકાયદેસર બાંધકામ કર્યાં હતા. ગેરકાયદેસર બાંધકામ કરી દુકાનો-કારખાના ઉભા કરવામાં આવ્યા હતા. પરંતુ હવે તંત્રએ કાર્યવાહી કરતા તેને તોડી પાડ્યા છે. રખિયાલમાં જે ગેરકાયદેસર બાંધકામ દૂર કરાયા ત્યાં પણ લાઈટ કનેક્શન મળી આવ્યા હતા. ત્યારે ગેરકાયદેસર દુકાનો-કારખાનામાં વીજ કનેક્શન કઈ રીતે મળ્યા તેની સામે સવાલો ઉભા થઈ રહ્યાં છે. આ અંગે વાત કરતા એસીપી આર. ડી. ઓઝાએ જણાવ્યું કે તંત્ર દ્વારા ડિમોલિશનની કાર્યવાહી ચાલી રહી છે. તેમણે કહ્યું કે આ જગ્યા હાઉસિંગ બોર્ડની છે. હાઉસિંગ બોર્ડ દ્વારા પોલીસ બંદોબસ્ત માંગવામાં આવ્યો હતો. અહીં ૩૮૫ પોલીસકર્મીઓ બંદોબસ્તમાં છે.

### અગરિયાઓની બેઠી માઠી દશા

## માવઠાએ અગરિયાઓની મહેનત પર પાણી ફેરવી દેતા ૩૦ કરોડનું નુકસાન

### કાળી મજૂરી કરી લોકોની રસોઈમાં સ્વાદ લાવતા અગરિયાઓને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે

। (એજન્સી) કચ્છ, તા.૧૫ ।

માવઠાને કારણે અગરિયાઓની લોહી-પાણી એક કરીને કરેલી મહેનત પર પાણી ફરી વળ્યુ છે. કમોસમી વરસાદે ન માત્ર ખેડૂતોની મુશ્કેલી વધારી છે. પરંતુ રાજ્યના અગરિયાઓ પર પણ સૌથી મોટી આફત તૂટી પડી છે. કાળી મજૂરી કરી લોકોની રસોઈમાં સ્વાદ લાવતા અગરિયાઓને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે. સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલા કચ્ચના નાના પણમાં ભારે વરસાદને પગલે અગરિયાઓના પાટા ધોવાઈ ગયા છે. બીજી તરફ ૩૦ કરોડ રૂપિયાની કિંમતનું મીઠુ રણમાં જ અટવાઈ પડ્યુ છે. સ્થિતિ એવી છે કે સફેદ મીઠુ પકવવા કાળી મજૂરી કરતા લગભગ ૨૫૦૦ જેટલા અગરિયાઓના મોં માં આવેલો કોળિયો છીનવાઈ શકે છે. દેશના કુલ ઉત્પાદનના ૭૬ ટકા મીઠાનું ઉત્પાદન એક માત્ર ગુજરાતમાં જ થાય છે અને તેમાંથી પણ ૩૫ ટકા જેટલું મીઠું તો સુરેન્દ્રનગર જિલ્લાના કચ્છના નાના રણમાં જ પાકે છે. પરંતુ, માવઠાને પગલે અગરિયા સમુદાય ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયો છે. હાલ ખારાઘોડા ગંજે મીઠું ખેંચવાની સીઝન પૂરજોશમાં ચાલી રહી છે. અત્યાર સુધીમાં ૮ લાખ મેટ્રિક ટન મીઠું ખારાઘોડા ગંજે લાવવામાં આવ્યું છે. પરંતુ, હજુ ૭ લાખ ટન મીઠું રણમાં જ અટવાઈ પડ્યું છે. એટલે કે લગભગ ૩૦ કરોડની કિંમતના મીઠા પર જોખમ તોળાઈ રહ્યું છે. કમોસમી વરસાદથી પાટા ધોવાતા અંદાજે એક-એક અગરિયા પરિવારનું ૫૦ હજારની કિંમતનું મીઠું ધોવાઈ ગયું છે અને હજુ ૧૫ થી ૨૦ ટકા મીઠાનું ધોવાણ થઈ જાય તેવી શક્યતા સેવાઈ રહી છે. છેલ્લા ૪ થી ૫ વર્ષથી માવઠાને પગલે અગરિયાઓ મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. ત્યારે હવે સરકાર સત્વરે કોઈ મદદ કરે તેવી માંગ ઉઠી રહી છે. કચ્છના નાના રણ તેમજ રણકાંઠાના વિસ્તારોમાં ૩.૫ ઈંચથી ચાર ઈંચ વરસાદ ખાબકતા મીઠા ઉદ્યોગની જાણે કમર તૂટી ગઈ છે.

### મુસાફરોને હાલાકી

## રાજકોટમાં ડ્રાઈવરોનો ડખોઃ ૨૨૪ સિટી બસ-BRTSમાંથી ૧૪૨ બંધ

। (એજન્સી) રાજકોટ, તા.૧૫ ।

રાજકોટ સિટી બસ અકસ્માત મામલામાં કોન્ટ્રાકટરોની અને ડ્રાઈવરોની મનમાની સામે આવી છે. જેના કારણે રાજકોટવાસીઓને મુશ્કેલીમાં મુકાવવુ પડ્યું છે. રિપેર થયેલી સિટી બસો ચાલુ કરવામાં આવી રહી છે, ત્યારે જ ડ્રાઈવરોએ ડબલ શિફ્ટમાં કામ આપો તો જ નોકરી કરવી છે તેમ જણાવી હાજર ના થતાં ૨૩૪ સિટી બસમાંથી ૧૫૨ બસ જેમની તેમ ઉભી છે, અને અનેક રૂટ ખોરવાઇ ગયા છે. મહાપાલિકા એટલી લાચાર હાલતમાં આવી ગઇ છે કે એજન્સીને રોજ ૧૫ લાખ જેટલો દંડ તો કરે છે, પરંતુ હાલ બંધ રહેલી દોઢસોથી વધુ સીટી બસ કયારે શરૂ થશે તે કહી શકતી નથી. હાલ શાળા-કોલેજો-યુનિ.માં વેકેશન પડી ગયું છે. આથી વિદ્યાર્થીઓમાં કોઇ



મોટો દેકારો થતો નથી. જે કારણે અધિકારીઓ અને પદાધિકારીઓ સુધી સમસ્યા ગંભીર થઈને પહોંચતી નથી. છેવાડાના રૂટમાં દોડતી બસ સમયસર ન પહોંચતા મુસાફરોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. મુસાફરોની હેરાનગતિને લઈ તંત્રએ એજન્સીને રૂપિયા ૧૦ હજારનો દંડ કરી ફરી વખત સિટી બસો રેગ્યુલર કરવા કવાયત હાથ ધરી છે. ડ્રાઈવરોની દલીલ છે કે ૮ કલાકની સિંગલ નોકરીમાં પેટ ભરાતું નથી, ડબલ નોકરીની માંગ સાથે ડ્રાઈવરોએ બસ ઉપાડવાનો ઈનકાર કરતાં તંત્રમાં દોડધામ મચી.

### ૧૭ યુવાનો ઓપરેશન સિંદૂરના સાક્ષી બન્યા

## ઊંઝાના ડાભી ગામના અઢાર યુવાનો ભારતીય સેનામાં સેવારત

### યુવાનોને દોડવા અને તાલીમ માટે ગામના જાગૃત નાગરિકો દ્વારા ગ્રાઉન્ડ તૈયાર કરવામાં આવ્યું છે

। (એજન્સી) ઊંઝા, તા.૧૫ ।

ઊંઝા તાલુકાના નાનકડા ડાભી ગામના ૧૮ યુવાનો ભારતીય સેનામાં વિવિધ સ્થળે સેવા આપી રહ્યા છે. જે પૈકી ૧૭ હાલ દેશમાં ચાલી રહેલા ઓપરેશન સિંદૂરના સાક્ષી બન્યા છે. જેમના પરિવારજનો સહિત ગ્રામજનોએ ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી.ઊંઝા તાલુકાના ડાભી ગામની વસતી અંદાજીત પાંચ હજાર જેટલી છે. ગામના વિવિધ સમાજના ૧૮ યુવાનો ભારતીય સેનામાં દેશના વિવિધ સ્થળોએ ફરજ બજાવે છે અને ગામમાં ૧૧ જેટલા નિવૃત આર્મીમેન છે. યુવાનોને દોડવા અને તાલીમ માટે ગામના



જાગૃત નાગરિકો દ્વારા ગ્રાઉન્ડ તૈયાર કરવામાં આવ્યું છે. જેના પરિણામ સ્વરૂપ હાલ એક ઘરમાંથી ત્રણ ત્રણ જણા દેશની સેવામાં જોડાયા છે. હાલ દેશમાં ઓપરેશન સિંદૂર ચાલી રહ્યુ છે. જેના સાક્ષી આ ગામના ૧૭ યુવાનો બન્યા હોઈ ગ્રામજનો ગૌરવ અનુભવી રહ્યા છે. ગામના ભરતજી ઠાકોરે જણાવ્યું હતું કે, અમારા ગામના ૧૮ જેટલા યુવકો સેનામાં ફરજ બજાવે છે. ગામમાં ૧૧ જેટલા નિવૃત આર્મીમેન છે તેઓ પણ તૈયાર છે કે, જો અમારી જરૂર પડે અને બોલવામાં આવશે તો અને જઈશું. ગામના યુવાનો દેશ સેવા કરી રહ્યા છે તેનો સૌને ગર્વ છે. જમ્મુ કાશ્મીરમાં ફરજ બજાવતા જવાન સિદ્ધરાજસિંહ ઠાકોરે જણાવ્યું હતું કે, હું રજા પર ઘરે આવ્યો છું. જો કે, ત્રણ દિવસથી રજાઓ પૂર્ણ કરી ત્યાં પહોંચી જવાનો મેસજ આવતો હતો. પરંતુ એરપોર્ટ બંધ હોઈ જઈ શક્યો નથી અને હવે ૧૬ તારીખે જવાનું છે. તેમના પિતા રમણજી ઠાકોરે જણાવ્યું હતું કે, મારો પુત્ર આર્મીમાં ફરજ બજાવે છે, જે દોઢ માસની રજા લઈને ઘરે આવ્યો હતો, જો કે, ૧૦ દિવસ જ થયા છે અને તેને પરત બોલાવી લેવાયો છે.

### કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ બે દિવસીય ગુજરાતની મુલાકાતે આવશે

। અમદાવાદ, તા.૧૫ ।

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ગુજરાતની મુલાકાતે આવશે. ૧૭ અને ૧૮ મેનાં રોજ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ગુજરાત આવશે અને ગાંધીનગર અને અમદાવાદમાં કરોડોનાં વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં વિવિધ વિસ્તારનાં વિકાસલક્ષી પ્રોજેક્ટનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ૧૭ અને ૧૮ મેનાં રોજ અમિત શાહ ગુજરાતની મુલાકાતે આવશે અને ગાંધીનગર અને અમદાવાદમાં કરોડોનાં વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. અમદાવાદમાં વિવિધ વિસ્તારોમાં AMC નાં વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.

### હાલમાં શાળા પસંદગીની કાર્યવાહી શરૂ કરાઈ

## સરકારી હાઈસ્કૂલના શિક્ષકોની ૧૬૪૫ જગ્યા પર ૨૦મી સુધીમાં નિમણૂક હુકમ અપાશે

### સરકારી સ્કૂલોની ભરતીમાં ઉમેદવારો હાજર થયા બાદ ગ્રાન્ટેડની કાર્યવાહી કરાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

રાજ્યની સરકારી ઉચ્ચતર માધ્યમિક સ્કૂલમાં ધોરણ-૧૧ અને ૧૨ના શિક્ષકોની ૧૬૪૫ જગ્યાની ભરતીમાં આગામી ૨૦ મે સુધીમાં ઉમેદવારોને નિમણૂક હુકમ આપવામાં આવશે. ભરતી માટે ફાઈનલ મેરિટ યાદી તાજેતરમાં જાહેરાત કરાઈ હતી. ત્યારબાદ હાલમાં શાળા પસંદગીની કાર્યવાહી ચાલી રહી છે. આ કાર્યવાહી ગુરૂવારના રોજ રાતના ૧૨ વાગ્યા સુધી ચાલશે. જેથી ઉમેદવારો ગુરૂવાર સુધીમાં શાળા પસંદગની કાર્યવાહી પૂર્ણ કરાયા બાદ નિમણૂક હુકમો એનાયત કરાશે. સરકારી સ્કૂલના શિક્ષકની ભરતીમાં ઉમેદવારો હાજર થયા બાદ ગ્રાન્ટેડની ભરતી માટે શાળા પસંદગીની કાર્યવાહી શરૂ કરાશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર, શિક્ષણ વિભાગની વિવિધ ભરતી પ્રક્રિયા અન્વયે સરકારી ઉચ્ચતર માધ્યમિકમાં શિક્ષક માટે કુલ ૧૬૦૮ અને ગ્રાન્ટેડમાં ૨૪૮૪ જગ્યા પર ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ત્યારબાદ ૩ હજાર કરતાં વધુ જગ્યાનો ઉમેરો કરવામાં આવ્યો હતો. જેથી હાલમાં સરકારી શાળા માટે ૧૬૪૫ અને ગ્રાન્ટેડમાં ૪૩૩૦ જગ્યા પર ભરતી કરવામાં આવનાર છે. આ ભરતી ક્રમિક હોવાને કારણે પ્રથમ સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓની કાર્યવાહી પૂર્ણ થયા બાદ ગ્રાન્ટેડ શાળાઓની કાર્યવાહી હાથ ધરાશે.સરકારી હાઈસ્કૂલના શિક્ષકોની ભરતી માટે ૭ મેના રોજ પ્રોવિઝનલ મેરિટ જાહેર કરાયું હતું. પ્રોવિઝનલ મેરિટ બાદ ઉમેદવારને જો મેરિટ સામે વાંધા હોય તો તે વાંધા રજૂ કરવા માટે સમય પણ અપાયો હતો. ત્યારબાદ ફાઈનલ મેરિટ લિસ્ટ જાહેર કરવામાં આવ્યું હતું. ફાઈનલ મેરિટ લિસ્ટ જાહેર કરાયા બાદ સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ભરતી માટે શાળા પસંદગીની કાર્યવાહી હાથ પર લેવામાં આવી હતી.દરમિયાન મંગળવારથી ઉમેદવારો માટે શાળા પસંદગીની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. જેમાં ઉમેદવારો ગુરૂવારના રોજ રાતના ૧૨ વાગ્યા સુધી શાળા પસંદગી કરી શકે તે માટેની મુદત આપવામાં આવી છે. આમ, ગુરૂવારના રોજ શાળા પસંદગીની કાર્યવાહી પૂર્ણ થયા બાદ ઉમેદવારોને મેરિટના આધારે નિમણૂક હુકમ આપવા માટેની કામગીરી શરૂ કરાશે. ભરતી સમિતિના સૂત્રોના જણાવ્યા અનુસાર, ૨૦ મે સુધીમાં ઉમેદવારોને નિમણૂક હુકમ એનાયત કરવામાં આવશે.

### કંટ્રોલરૂમને બેવાર કોલ કર્યો

## BAPS સ્વામિનારાયણ મંદિરને ઉડાવી દેવાની ધમકી મળી

। (એજન્સી) ભરૂચ, તા.૧૫ ।

ભરૂચ NH ૪૮ પર ઝાડેશ્વર સ્થિત સ્વામીનારાયણ મંદીરને બોમ્બ બ્લાસ્ટ કરી ઉડાવી દેવાની ધમકી મળતા જ જિલ્લાનું પોલીસ તંત્ર એક્શનમાં આવી ગયું હતું. હાલમાં ભારત અને પાકીસ્તાન વચ્ચે તણાવભરી સ્થિતિને લઈ ભરૂચ જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાની સૂચના હેઠળ જિલ્લાનું પોલીસ તંત્ર પહેલેથી જ સતર્ક હતું. ભરૂચ સી ડિવિઝન PI એ.વી પાણમીયાને ભરૂચ પોલીસ કંટ્રોલ રૂમ અને ડીઝાસ્ટર કંટ્રોલમાંથી મેસેજ મળ્યો હતો કે, એક ઈસમે મોબાઈલ ફોનથી સ્વામિનારાયણ મંદિરને



બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપી છે. રાત્રીના એક થી બે વાગ્યાના સમય દરમ્યાન ૪ વ્યક્તિઓ ઝાડેશ્વર ખાતે આવેલા BAPS સ્વામીનારાયણ મંદીરને બોમ્બથી ઉડાવી દેવાના છે.

બૉમ્બ બ્લાસ્ટથી મંદિર ઉડાવી દેવાના ધમકી ભર્યા કોલને લઈ SOG PI એ.એ ચૌધરી અને સી ડિવિઝન PI એ.વી. પાણમીયાના માર્ગદર્શન હેઠળ બન્ને પોલીસ મથકનો સ્ટાફ, સર્વેલન્સ સ્કોડ સાથે બોમ્બ સ્કોડને લઈ સ્વામીનારાયણ મંદિરે પોહચી હતી. સાથે જ કોલ કરનાર વ્યક્તિની તપાસ શરૂ કરી દેવાય હતી. મંદિરને બૉમ્બથી ઉડાવવાનો કોલ કરનાર વ્યક્તિ ભરૂચ રેલ્વે સ્ટેશન પાસે હોવાની હકીકત મળતા ત્યાંથી તેને પકડી લેવાયો હતો. કોલ કરનાર શહેરના જંબુસર બાયપાસ પર સફારી પાર્કમાં રહેતો તોસીફ આદમ પટેલ હોવાનું બહાર આવ્યું હતું. તેની પૂછપરછમાં આરોપીના બંને ભાઈઓ તેને મિલ્કતમાં ભાગ આપતા ન હોય. અને તેના બનેવી ખોટી રીતે હેરાન કરતા હોવાથી મંદિરને બોમ્બથી ઉડાવવાનું તરક્ત રચ્યું હોવાની કબૂલાત કરી હતી. બન્ને ભાઈઓ અને બનેવીને પોલીસ કાર્યવાહીમાં ફસાવવા તોસીફે પોતાના મોબાઈલ પરથી ભરૂચ કંટ્રોલ રૂમમાં રાત્રીના એકથી બે વાગ્યાના સમય ગાળા દરમ્યાન સ્વામીનારાયણ મંદીરને બોમ્બ બ્લાસ્ટ કરવાનો કોલ કર્યો હતો.

પોલીસ ટીમોએ BAPS સ્વામિનારાયણ મંદિરે એંટી સબોર્ટેજની કાર્યવાહી કરતા બોમ્બ સબંધી કોઈ સંદિગ્ધ વસ્તુ મળી આવી ન હતી. આરોપી તોસીફ સામે સી ડિવિઝન પોલીસ મથકે ગુનો નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.


અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત રાજ્ય




રાજ્ય સરકાર દ્વારા

“રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩”

(N.F.S.A.) હેઠળ સમાવિષ્ટ ૭૭ લાખથી વધુ રેશનકાર્ડ ધારક કુટુંબોની ૩.૭૧ કરોડ જનસંખ્યાને

મે-૨૦૨૫ માસમાં મે અને જૂન-૨૦૨૫ મહિનાનું વિતરણ તારીખ ૩૧/૦૫/૨૦૨૫ સુધી ચાલુ રહેશે.

PRADHANMANTRI GARIB KALYAN ANNA YOJANA

“પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના”

અંતર્ગત મે-૨૦૨૫ માસના ઘઉં અને ચોખાના **વિનામૂલ્યે** વિતરણની જાણકારી.

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો |
|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. |
| ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. |
| ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. |

“પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના”

અંતર્ગત જૂન-૨૦૨૫ માસના ઘઉં અને ચોખાના **વિનામૂલ્યે** વિતરણની જાણકારી.

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો |
|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. |
| ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. |
| ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. |

મે-૨૦૨૫ રાજ્ય સરકારની ખાંડ, મીઠાના રાહતદરે વિતરણ સંબંધિત યોજનાઓની અગત્યની જાણકારી

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિલો.ગ્રા.₹ |
|---|---|---|---|---|
| ૧ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૧૫ |
| ૨ | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૨૨ |
| ૩ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧ |

અગત્યની સૂચના

- મે માસમાં PMGKAY (NFSA) યોજના હેઠળનો મે અને જૂન માસનો ઘઉં અને ચોખાનો જથ્થો તથા રાજ્ય સરકાર તરફથી વિતરીત કરવામાં આવતા મે માસના ખાંડ અને મીઠાના જથ્થાનું વિતરણ મે માસમાં કરવામાં આવશે. જેના માટે દરેક કાર્ડધારકે કુલ-૩ વાર આધાર આધારિત ઓથેન્ટિકેશન કરવાનું રહેશે.

આપના રેશનકાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે “My Ration” મોબાઈલ એપ્લિકેશન Google Play Store પર થી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

“My Ration” મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

શ્રી કુંવરજીભાઈ બાવળીયા

- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઇન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકાશે.